
# વિશ્વવિહાર

વર્ષ : 24 * અંક : 5 * ફેબ્રુઆરી 2022 * કિં. ₹ 15




**હવે વિશ્વકોશ દ્વારા પ્રકાશિત થતું**

**અમેરિકામાં વસતા ગુજરાતી સાહિત્યપ્રેમીઓ**

**તરફથી ગુજરાતી સાહિત્યને મળેલી**


**અમૂલ્ય ભેટ સમું**

**'ગુર્જરી ડાયજેસ્ટ'**

# ઓનલાઇન વિશ્વકોશ
# માત્ર 30 દિવસની વિગત

**Web Traffic Requests by Country**

Previous 30 days




**Top Traffic Countries / Regions**

Previous 30 days

| Country / Region | Traffic |
|---|---|
| India | 1,318,156 |
| United States | 473,489 |
| United Kingdom | 214,439 |
| France | 146,112 |
| Singapore | 106,223 |

Help ▸

વધુ વિગત માટે જુઓ મુખપૃષ્ઠ પાનું – ૪

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ વતી મુદ્રક, પ્રકાશક અને તંત્રી : કુમારપાળ દેસાઈ, સંપાદક : પ્રીતિ શાહ
પ્રકાશનસ્થળ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, ૫૧/૨, રમેશપાર્કની બાજુમાં, બંધુસમાજ સોસાયટી સામે, ઉસ્માનપુરા, અમદાવાદ ૩૮૦ ૦૧૩. ફોન : ૨૭૫૫ ૧૭૦૩, મુદ્રણસ્થળ : અજય ઑફસેટ, સી-૧૨, બંસીધર મિલ કમ્પાઉન્ડ, બારડોલપુરા, દરિયાપુર, અમદાવાદ ૩૮૦ ૦૦૪
◆
email : vishvakoshad1@gmail.com ◆ www.vishwakosh.org
છૂટક કિંમત : ₹ ૧૫/-, વાર્ષિક લવાજમ ₹ ૧૫૦/-, ત્રણ વર્ષનું લવાજમ ₹ ૪૫૦/-
લવાજમ : 'ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ'ના નામે ડ્રાફ્ટ અથવા મ. ઑ.થી જ મોકલવું.
**વિશિષ્ટ સહયોગ : શ્રી સી. કે. મહેતા (દીપક નાઇટ્રેઇટ)**
[અહીં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની છે.]

## ગ્રામ્યવિસ્તારમાં અભિનવ પ્રયોગ દ્વારા
# શિક્ષણપ્રણાલીમાં આમૂલ પરિવર્તન

ઓડિસાના કટકથી લગભગ ૧૨ કિમી. દૂર ૪૨ મોઉઝા ટાપુ પર ચોવીસ વર્ષના શિક્ષક અનિલ પ્રધાને બાળકોને માટે અભ્યાસ એટલે ગોખણપટ્ટી નહીં, પરંતુ પોતે મેળવેલા શિક્ષણનો વ્યવહારમાં ઉપયોગ કઈ રીતે કરી શકાય તે શીખવવા માટે ભેખ લીધો છે. આને માટે એણે ગ્રામ્ય વિસ્તારનાં બાળકોને પોતાના આગવા અભિગમથી શિક્ષણ આપવાનું શરૂ કર્યું. અહીં શાળાના વર્ગમાં 3-D પ્રિન્ટર, ડ્રિલિંગ મશીન, લેઝર કટર, પાના-પક્કડ, સ્ક્રૂ-ડ્રાઈવર જેવાં સાધનો રાખવામાં આવે છે અને બાળકો પોતે વિજ્ઞાન, ટૅક્નૉલૉજી અને પોતાની આવડતના આધારે વાસ્તવિક સમસ્યાઓનું વર્ગમાં સમાધાન મેળવે છે. અઘરા વિષયોને ખૂબ રચનાત્મક રીતે શીખવવામાં આવે છે તેમજ બાળકોની અભિરુચિ અને કક્ષા મુજબ એણે આ અભ્યાસનું આયોજન કર્યું છે. અગાઉના બે લેખોમાં એના પ્રયાસોનું આલેખન કર્યું હતું, અહીં એણે કરેલા 'અવેતી લર્નિંગ'ના પ્રયોગને જોઈએ.

એણે પોતાના ગામમાં International Public School for Rural Innovation-(IPSFRI)ની શાળા શરૂ કરી છે અને એમાં એણે 'કબાડ સે જુગાડ', 'જોર કા ઝટકા' અને 'તોડ, ફોડ કે જોડ' જેવાં નામ ધરાવતાં શાળાનાં સત્રો રાખ્યાં છે, જેમાં બાળકો ઈ-વેસ્ટમાંથી જુદી જુદી ચીજવસ્તુઓ બનાવે છે. બાળકોને પોતાની શોધખોળ માટે અહીં પૂરી સગવડ અને મોકળાશ મળે છે અને એને પરિણામે અનિલ પ્રધાન યુવાનોની ક્ષમતા વધારવા અને રોજગારની તક વધારવા સક્ષમ બન્યો છે. એણે એના વિદ્યાર્થીઓમાં જગાડેલા આત્મવિશ્વાસને કારણે તે ભારતનો પ્રથમ multipurpose student satellite બનાવવામાં સફળ થયો છે. તેને લાગે છે કે કોઈ પણ કાર્ય સતત કરતા રહીએ, તો કંઈ પણ કાર્ય કરવા માટે સક્ષમ બની શકાય છે.

આ નવીનતાઓ ઉપરાંત તેઓએ યુનિવર્સિટીમાં એક એવું ઉપકરણ વિકસાવ્યું




તોડ, ફોડ કે જોડના વર્ગમાં

હતું કે જે ફૅક્ટરીઓ અને રહેણાક મકાનો દ્વારા ઉપયોગમાં લેવાતી વીજળીની માત્રામાં ૬૦ ટકા જેટલો ઘટાડો કરી શકે છે અને આ નવીનતાને એલ. ઍન્ડ ટી. દ્વારા ટોચના સાત વિદ્યાર્થીઓને આ પ્રોજેક્ટમાં સૂચિબદ્ધ કરવામાં આવ્યા હતા.

ઓડિસાના કટક જિલ્લામાં આવેલ IPSFRIનું એક મોટું મિશન એ હકીકતને રેખાંકિત કરવાનું છે કે નવીનતા અને ઉદ્યોગસાહસિકતાને માત્ર ભારતના વિશેષ પ્રસિદ્ધ કે અધિકૃત ગણાતા શહેરી વિસ્તારમાં જ નહીં, પણ ગ્રામીણ ભારતમાં પણ પ્રોત્સાહિત કરી શકાય છે. તેઓએ ગ્રામ્ય સ્તરે આંતરશાખાકીય શિક્ષણની પહેલ કરી છે, જેમાં તેમણે ૧૫,૦૦૦ ગ્રામીણ વિદ્યાર્થીઓને શિક્ષિત કર્યા છે. જોકે અનિલ પ્રધાનનું કામ માત્ર IPSFRI પર અટક્યું નથી. નવીનતા દ્વારા શીખવવાના હિમાયતી એવા અનિલે IPSFRI-IIT દિલ્હી રૂરલ ઇનૉવેશન પ્રોગ્રામ જેવા ઘણા કાર્યક્રમો વિકસાવ્યા છે. જે દિલ્હીના વિદ્યાર્થીઓને ગ્રામીણ ભારતના વાસ્તવિક જીવનની સમસ્યાઓ ઉકેલવામાં મદદ કરે છે. IPSFRIના ડિઝાઇન, સામગ્રી-વિકાસ અને તાલીમના અગ્રણી શિક્ષણવિદ તરીકે નવીન શિક્ષણપદ્ધતિઓ લાગુ કરવાના સંદર્ભમાં અનિલ પ્રધાને સક્ષમ ભાગીદાર સંગઠનો ઊભાં કર્યાં છે. ચીનની સરકાર, વર્લ્ડ યૂથ

## અનુક્રમ


| | | |
|---|---|---|
| શિક્ષણપ્રણાલીમાં આમૂલ પરિવર્તન | ૩ | કુમારપાળ દેસાઈ |
| સમુદ્રથી આકાશ સુધીની સફર | ૮ | ભારતી રાણે |
| ઇતિહાસનું પુનર્લેખન અને સત્યનો માપદંડ | ૧૧ | પ્રવીણ ક. લહેરી |
| વિજ્ઞાન અને ટૅક્નૉલૉજીના અભિવાદનનો રૂડો અવસર | ૧૪ | ચિંતન ભટ્ટ |
| ઑગસ્ટ ક્રાંતિનું ઊગમસ્થાન : ટેનિસ કોર્ટ | ૧૭ | ડૉ. શિરીન મહેતા |
| ભેટયોજનાની ભીંસમાં | ૨૦ | રતિલાલ બોરીસાગર |
| ૨૦૨૨ : ભારતમાં 5G ટૅક્નૉલૉજીનો ઉદય | ૨૨ | હર્ષ મેસવાણિયા |
| સૌંદર્યબોધનો અનુભવ કરાવતું સ્મૃતિમંદિર | ૨૫ | સુધા ભટ્ટ |
| સામા પૂરે તરનારી | ૨૭ | પ્રીતિ શાહ |
| જાગીશું ખરા ? | ૨૯ | ડૉ. નાનક ભટ્ટ |
| અસ્મિતા વિશેષ સંવાદ | ૩૨ | – |
| વિશ્વકોશવૃત્ત | ૩૪ | – |

ફોરમ, ઈજિપ્તની સરકાર અને ભારતની વિવિધ રાજ્યસરકારો દ્વારા તેની માન્યતા પણ મેળવી છે.

અનિલ પોતાની ઈનૉવેશન લૅબ અને પ્રાયોગિક વર્ગો ભણાવવામાં સફળ થતો હતો, ત્યારે તેનો મર્યાદિત સ્ટાફ બાળકોને ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન જેવા પ્રગતિ માટે જરૂરી વિષયોમાં સફળ થવા માટે ધ્યાન કેન્દ્રિત કરવા માટે સંઘર્ષ ખેડી રહ્યો હતો. છ મહિના પહેલાં તેને 'અવેતી લર્નિંગ' અંગે જાણ થઈ ત્યારે તેના સંભવિત સહયોગ વિશે વિચાર્યું.

આ 'અવેતી લર્નિંગ' એક આઈ પેડ જેવું સાધન છે, જેની મદદથી સ્થાનિક ભાષામાં શીખવી શકાય છે. તેમાં રાજ્ય શિક્ષણ બોર્ડના અભ્યાસક્રમ મુજબના વિષયોની સમજણ સરળતાથી મળી રહે તેવી નાની સાઇઝના વીડિયોથી લઈને વૈવિધ્યપૂર્ણ મૂલ્યાંકન થઈ શકે તેવી ઇન્ટરેક્ટિવ ગ્રેડ યોગ્ય ડિજિટલ સામગ્રી આપવામાં આવે છે. સતત શિક્ષણની આકાંક્ષા રાખનારા વિદ્યાર્થીઓ માટે ઓછા ખર્ચે મળી શકે તેવું અને ઈન્ટરનેટ અને વીજળીની જરૂરિયાત વગર ઉચ્ચ સ્પર્શ ટૅક્નૉલૉજી દ્વારા શિક્ષણની સમસ્યાનું સમાધાન કરી તેને યોગ્ય રીતે શીખી શકાય તેવું આ સાધન છે.

છેવટે થોડા સમય પહેલાં અનિલે તેના વર્ગોમાં 'અવેતી લર્નિંગ'થી શીખવવાનું શરૂ કર્યું. ગ્રામીણ બાળકો તેની મદદથી આજે શીખે છે, આ એક ક્રાંતિકારી પદ્ધતિ છે. એક હાર્ડવૅર અને સૉફ્ટવૅરની મદદથી ઈન્ટરનેટની મદદ વગર તે કાર્ય કરે છે. મૂળ ઊડિયા ભાષામાં અભ્યાસક્રમ મુજબની સામગ્રી તેમાંથી મળે છે અને સ્થાનિક શાળાના અભ્યાસક્રમનું તેના દ્વારા પાલન પણ થાય છે. આ સામગ્રી ટૅબ્લેટ, કમ્પ્યૂટર, ટીવીના સ્ક્રીન પર પહોંચાડી શકાય છે અથવા વર્ગખંડ સુધી પહોંચે છે. શિક્ષકો તેમાંની વૈવિધ્યપૂર્ણ સામગ્રીનો અનુભવ કરવા વિદ્યાર્થીઓને અનુમતિ આપે છે.

'અવેતી લર્નિંગ' આકર્ષક વીડિયો અને ઈન્ટરેક્ટિવ એક્સરસાઇઝના સંગ્રહ કરતાં પણ વધારે છે. તે સફળતાનું નિદાન કરતું એક સાધન પણ છે, જે ફક્ત સમસ્યાવાળા ક્ષેત્રને જ ઓળખતું નથી, પણ શીખવાની પ્રક્રિયાના દરેક તબક્કે પ્રગતિને પણ પારખે છે. તે એક પ્રમાણિત પરીક્ષણથી શરૂ થાય છે. વિદ્યાર્થીઓને ક્યાં મુશ્કેલી પડી રહી છે તે નક્કી કરવા માટે એક સરળ મૂલ્યાંકનનું સાધન છે. ત્યાર પછી સ્માર્ટ ફોનનો ઉપયોગ કરીને આ પરીક્ષણોને તરત જ સ્કેન કરી શકાય છે અને તેને કોઠા રૂપે મૂકી શકાય છે. અગાઉથી યોગ્ય સામગ્રી પસંદ કરીને ઈન્ટરેક્ટિવ સ્માર્ટ ક્લાસના સેટિંગમાં પ્રસ્તુત કરી શકાય છે, જ્યાં બાળકો રોકાયેલાં રહે છે અને તેમનું ભણવાનું આનંદદાયક બને છે. આ ટૅક્નૉલૉજીની મદદ વડે શિક્ષકો તેમના પાઠનું આયોજન સારી રીતે કરી શકે છે. વિદ્યાર્થીઓ વધુ વ્યસ્ત પણ રહે છે અને મા-બાપ સંતાનોની પ્રગતિ જોઈને વધુ ખુશ થાય છે. હવે અનિલ પ્રધાન તેના પ્રોજેક્ટમાં અને ઈનૉવેશન લૅબમાં વધુ સમય ફાળવે છે.

અનિલનું ધ્યેય સકારાત્મક શિક્ષણનો અનુભવ જાળવી રાખવાનો અને શિક્ષણમાં 'અવેતી લર્નિંગ'નો સમાવેશ કરવાનો છે. વિદ્યાર્થીઓને જરૂરી એવી અભ્યાસસામગ્રી






**શિક્ષક અનિલનો વર્ગખંડ**

આ અવેતી લર્નિંગ દ્વારા મળી રહે છે તેથી તેમનો અનેરો વિકાસ થાય છે. વિદ્યાર્થીઓ ટૅક્નૉલૉજીને ખરેખર ચાહવા માંડે છે અને ટૅક્નૉલૉજી તેમને અમૂલ્ય સહાય કરે છે. અવેતી લર્નિંગની મદદથી અનિલ વિદ્યાર્થીઓની પ્રગતિને સ્પષ્ટ રીતે પારખી શકે છે. તેને શ્રદ્ધા છે કે તેમનો અભ્યાસક્રમ અને અભ્યાસ કરાવવાની રીત સફળતાના માર્ગ પર છે. આ ઉપરાંત નજીકના અને દૂરના વિદ્યાર્થીઓને આકર્ષે પણ છે. ભવિષ્યના ધ્યેય માટે અનિલ માને છે કે તેઓ જે શિક્ષણ આપે છે તેની ગુણવત્તા તેઓ જાળવી રાખશે. મોઉઝાનાં તમામ ૪૨ ગામોનાં ૫૦૦ જેટલાં બાળકોને આગામી બે વર્ષમાં શિક્ષિત બનાવવાનું એ લક્ષ્ય રાખે છે અને આ લક્ષ્ય ‘અવેતી લર્નિંગ’ની મદદથી સાકાર થશે.

‘તોડ, ફોડ કે જોડ’, ‘કબાડ સે જુગાડ’ અને ‘જોર કા ઝટકા’ જેવાં સત્રો સાથે અન્ય કેટલીક રસપ્રદ વર્ગખંડની પ્રવૃત્તિઓ છે, જે વિદ્યાર્થીઓને વિજ્ઞાન અને ટૅક્નૉલૉજીનાં પાસાંઓ શોધવામાં અને તેની સર્જનાત્મકતાને મુક્ત અભિવ્યક્તિ આપવામાં સહાયરૂપ બને છે. માત્ર ત્રણ વિદ્યાર્થીઓ અને એકમાત્ર શિક્ષક તરીકે અનિલે શરૂ કરેલી શાળામાં આજે ૨૫૦ જેટલા વિદ્યાર્થીઓ છે. નવ નિયમિત શિક્ષકો છે. વળી IIT, Delhi અને VSSUT, Burla જેવી વિવિધ નામાંકિત એન્જિનિયરિંગ સંસ્થાઓના આશરે ૩૦-૪૦ સ્વયંસેવકો પણ તેની શાળાની નિયમિત મુલાકાત લે છે.

શાળા એ જ વિષયો શીખવે છે જે નિયમિત રીતે શાળાઓમાં ભણાવવામાં આવે છે, પરંતુ ભણાવવાની પદ્ધતિ સંપૂર્ણપણે અલગ છે. ‘તોડ, ફોડ કે જોડ, કબાડ સે જુગાડ અને જોર કા જટકા’ જેવા વર્ગો છે, જેમાં વિદ્યાર્થીઓ વ્યાવહારિક જ્ઞાન શીખે છે અને તેને માત્ર યાદ રાખતા નથી. તેમની પાસે એવા વિદ્યાર્થીઓ માટે મશીનરી છે જે કેટલાક નવા પ્રોજેક્ટ બનાવવા માંગે છે. ઉદાહરણ તરીકે લઈએ તો તેમની પાસે એવા વિદ્યાર્થીઓ માટે લેસર કટિંગ મશીનો, ડ્રિલિંગ મશીનો, પાનાં-પક્કડ, સ્ક્રૂ-ડ્રાઈવર અને વેલ્ડિંગ મશીનો છે, જે કંઈક નવું સર્જન કરવા માગે છે. પદ્ધતિઓની વાત કરીએ તો તેમની પાસે કેટલાંક પરિમાણો છે, જેને તેમની ફૅકલ્ટીઓ, વિદ્યાર્થીઓ

અને IITના સંશોધન-ફેલો દ્વારા ડિઝાઈન કરવામાં આવ્યાં છે. છેલ્લા બે દાયકાઓથી ચાલતી શિક્ષણપ્રણાલી વિશે પોતાનો અભિપ્રાય આપતાં અનિલનું કહેવું છે કે વર્ગખંડમાં જે શીખવવામાં આવે છે, તેને ગોખણપટ્ટી - યાદ રાખીને ઉત્તરપત્ર પર બહાર કાઢવાનું કામ – જ વિદ્યાર્થીઓ પાસે આપણે કરાવતા આવ્યા છીએ. આવી પદ્ધતિ સાવ ખોટી અને વિદ્યાર્થીને માટે હાનિકારક છે.

અનિલ પ્રધાનનું સપનું એ શિક્ષણપ્રણાલીમાં આમૂલ પરિવર્તન લાવવાનું છે. એ વધુ ને વધુ વિદ્યાર્થીઓને આ પ્રકારનું શિક્ષણ આપવા ઇચ્છે છે. તે શાળાને વિસ્તૃત કરવા માગે છે, જેથી વધુ ને વધુ વિદ્યાર્થીઓના ચિત્તમાં રહેલી જિજ્ઞાસા ને શોધખોળ કરવાની ભૂખ એ સંતોષી શકે. તેની શાળામાં આવતા વિદ્યાર્થીઓ તેની પદ્ધતિથી ખુશ છે અને દિલથી શીખે છે. તેનું મુખ્ય ધ્યેય વિદ્યાર્થીઓમાં નવીન માનસિકતા વિકસાવવાનું છે, જેથી તેઓ વિજ્ઞાન અને ટૅક્નૉલૉજી દ્વારા જીવનની મૂળભૂત સમસ્યાઓ હલ કરી શકે. તેને માટે દરેક બાળક ખાસ છે. તેમની ક્ષમતાને ઓળખીને તેમને મદદ કરવાનું કાર્ય અનિલ કરે છે.

લૉકડાઉન દરમિયાન તેમણે કેટલાંક દિવ્યાંગ બાળકોને પણ કામ આપ્યું હતું. ઓડિસામાં વધુ એક ઇનૉવેશન સ્કૂલ ઊભી કરવાની તેમની ભવિષ્યની યોજના છે. આ સ્કૂલને તે રેસિડેન્શિયલ સ્કૂલ બનાવવા ઇચ્છે છે. આ રેસિડેન્શિયલ સ્કૂલ બનાવવાનો હેતુ એ છે કે બીજા રાજ્યમાંથી આવતાં બાળકોને પણ આ પ્રકારના અભ્યાસની તક આપવા માગે છે. આ સાથે તેઓ એક ઇન્ક્યૂબેશન સેન્ટર પણ તૈયાર કરવા ઇચ્છે છે. ગ્રામ્ય વિસ્તારના ક્ષેત્રમાં અભિનવ પ્રયોગ કરતા શ્રી અનિલ પ્રધાન તેના વિચાર, હિંમત અને નિષ્ઠાપૂર્વકની મહેનત દ્વારા દેશના ઉજ્જ્વળ ભવિષ્યનું સર્જન કરવા ચાહે છે.

**– કુમારપાળ દેસાઈ**

## વાચકમિત્રોને

છેલ્લાં બાવીસ વર્ષથી 'વિશ્વવિહાર' આપને મળે છે. આપને તે રુચ્યું હોય અને ઉપયોગી લાગ્યું હોય તો તેનું વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦નું મ. ઑ. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, રમેશપાર્કની બાજુમાં, ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩ – એ સરનામે મોકલશો. ત્રણ વર્ષનું લવાજમ (૪૫૦ રૂ.) પણ એકસાથે ભરી શકાશે. ડ્રાફ્ટ કે ચેક **ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ**ના નામનો મોકલવો.

### ઈ-લવાજમની વિગત

A/c. Name : Gujarat Vishvakosh Trust, A/c. No. : 09330100008481

Bank Name : Bank Of Baroda, Usmanpura Branch

IFS Code : BARB0USMANP (5th Character is Zero)

ઈ-લવાજમ ભર્યા પછી સંસ્થાને ઈ-મેઇલ (vishvakoshad1@gmail.com), વૉટ્સએપ (9898042699) તથા પત્ર દ્વારા જાણ કરવી.

# સમુદ્રથી આકાશ સુધીની સફર

નામ એક રોમાંચક હતું : 'સી ટૂ સ્કાય હાઈવે !' એના આવા કવિત્વમય નામને કારણે, આભને આંબવાની આશામાં ઊછળેલું દરિયાનું કોઈ મોજું છેક પર્વતના શિખર સાથે ટકરાઈને ફીણફીણ થઈ જતું આખા આકાશમાં વિસ્તરી જાય; ઊર્ધ્વમુક્તિનો એવો નિજાનંદ એના પર પ્રવાસ કરતાં પ્રાપ્ત થશે, એવી કલ્પના મન પર છવાયેલી હતી. કૅનેડાને પશ્ચિમ છેડે, બ્રિટિશ કોલમ્બિયા નામક પ્રાન્તમાં, પૅસિફિક મહાસાગરને કિનારે વસેલું સર્વાંગ સુંદર શહેર તે વૅનકુવર. એની ઉત્તરે રૉકી માઉન્ટન નામક પર્વતમાળા છેક અલાસ્કા સુધી વિસ્તરેલી છે. આમ તો પૅસિફિકને કિનારે દક્ષિણમાં છેક મેક્સિકોથી શરૂ થઈ, અમેરિકામાં કોલરાડોને આવરી લઈ ઉત્તરે લંબાઈને પશ્ચિમ કૅનેડામાં વિસ્તરી, ફરી અમેરિકામાં પ્રવેશે અને એમ પૃથ્વીના છેવાડાના પ્રદેશ અલાસ્કા સુધી લંબાય, તે પર્વતમાળા આખી જ રૉકી માઉન્ટન્સ. આ તો માણસે સરહદો બનાવી, બાકી નદી, પર્વતો, આકાશ બધું કેટલી સહજતાથી એકમેકમાં ઓળઘોળ હોય છે ! વૅનકુવરના પ્રફુલ્લિત સમુદ્રતટથી પર્વતમાળાના સૌંદર્યલોક સુધી લઈ જતા એ રસ્તાનું નામ સાર્થક જ હતું. પ્રકૃતિ સાથે સંપૂર્ણ સંવાદિતાથી જીવતા સ્ક્વૉમિશ અને લિલવાટ નામની આદિજાતિના લોકોની અદ્‌ભુત દુનિયાનો અહીં અંતરંગ પરિચય થયો.

સી ટૂ સ્કાય હાઈવેની કોરે નિરીક્ષણકક્ષ બનાવેલો હતો. ત્યાંથી જોતાં નીચે વિસ્તરેલી ખીણમાં પાતળી રજતરેખ જેવી નદી દેખાતી હતી ને એને પાર હતો પર્વતોનો ઘેરો. યુગો પહેલાં પણ અહીં અડાબીડ જંગલો હતાં. એક વાર શિકારી કૂતરાં સાથે ભમવા નીકળેલી એક ટોળકી અહીં ભૂલી પડી. દુર્ગમ અરણ્યમાં એમને રસ્તો જડ્યો જ નહીં. અંતે દેવતાએ એ સૌને બરફની ચાદર ઓઢાડીને ત્યાં જ પોઢાડી દીધા. દૂર પર્વતના ઢોળાવ પર બરફની ચાદર નીચે એ તમામ આજેય સૂતેલા છે. પર્વતના શિખર પર તીણી શિલાઓ દેખાય છે, તે એમના ભાલા છે ને તળેટીમાં ફેલાયેલી નાની ટેકરીઓ તે એમનાં કૂતરાં. નિરીક્ષણકક્ષમાં મૂકેલી આ લોકકથા વાંચતાં હું નીચે ખીણમાં દૂર સુધી વિસ્તરેલા ઘેઘૂર વનને અને એને પાર ઊભેલા પર્વતોને જોતી રહી. અહીં જ હતું સ્ક્વૉમિશ રાષ્ટ્ર. માત્ર ૨૩ ગામડાંનો બનેલો એક દેશ. આજથી આશરે પાંચ હજાર વર્ષ પહેલાં સરકતા ભૂખંડને કારણે એક વિસ્મયજનક ઘટના બની. એક ભૂખંડ છેક એશિયાથી છૂટો પડી, અહીં અલાસ્કા સુધી તણાઈ આવ્યો. એની સાથે સ્થળાંતરિત તત્કાલીન આદિજાતિના લોકો, તે આ સ્ક્વૉમિશ લોકો. એ લોકો સલામત જીવનની શોધમાં સાગમટે જમીન પર અને તરાપામાં બેસીને જળમાં ભટકવા લાગ્યા. એમ કરતાં એક દિવસ એ સૌ અહીં પહોંચ્યા. આ પ્રદેશ એમના મનમાં વસી ગયો.

અહીં ખીણમાં ઘેઘૂર વન હતાં, સામે વહેણે તરી આવતી સામન માછલીઓથી ભર્યાં ભર્યાં નદીમાં જળ હતાં, દર પાનખરમાં દૂરદૂરથી ઊડીને આવતાં યાયાવર ગરુડ



**સ્ક્વૉમિશ રિવર વૅલી**

પંખીઓની ચહલપહલથી જીવંત મેદાનો હતાં, જળપ્રપાતોથી ગુંજતા પર્વતો હતા અને સરોવરમાં નાહતું ને પાંખો ફડફડાવતું આભ હતું. અહીં વસીને એમણે સ્થાપ્યું, તે આ સ્ક્વૉમિશ નેશન અર્થાત્ સ્ક્વૉમિશ રાષ્ટ્ર. બસ, પાંચ હજાર વર્ષથી આ લોકો અહીં જ વસે છે. એમની સંસ્કૃતિ અને પરંપરાઓ નિરાળી છે. કુદરત સાથે તન્મય થઈને જીવવું, તે એમની જીવનરીતિ. એમના સમાજમાં બે હસ્તીઓનો દબદબો ભારે. એક તો જાતિનો મુખિયો 'ગ્રેટ ટાયી' અને બીજો વનસ્પતિ અને પશુઓની પેદાશમાંથી દવાઓ અને જડીબુટ્ટીઓ બનાવવાનો જાણકાર 'મેડિસિનમૅન' ! આ પ્રદેશના વિષમ હવામાનમાં પણ અડીખમ એવી આ જાતિ આ પ્રદેશને ને પ્રકૃતિને અનહદ ચાહે છે. આદિવાસીઓ શેડારના વૃક્ષને ખૂબ પ્રેમ કરે છે. એમની જીવનજરૂરિયાત માટે કલ્પવૃક્ષ જેવા એ વૃક્ષની છાલ ઉતારે, ત્યારે એની માફી માગે.

એક એવો વણલખ્યો નિયમ કે, છાલ માત્ર માણસના માથા સુધીની ઊંચાઈ સુધી જ લેવામાં આવે, કે જેથી વૃક્ષનો જીવ ન ચાલ્યો જાય. પ્રકૃતિનો ઉપભોગ માત્ર ખપ પૂરતો જ અને તે પણ કૃતજ્ઞતાના ભાવ સાથે. હળીમળીને શાંતિથી જીવવાની રીત પણ એમની પાસેથી શીખવા જેવી. પેઢી દર પેઢી એમને શીખવવામાં આવે છે કે, આપણો પ્રદેશ એક મોટો વાટકો છે અને તે વાટકામાં જે કાંઈ છે, તે આપણે સૌએ વહેંચીને ખાવાનું છે, માટે આપણે સૌ જાતિઓએ સંપ અને સૌજન્યથી જાળવીને જીવવાનું છે. એ જ વાત એમની પુરાણકથાઓમાં પડઘાય. સ્ક્વૉમિશ મહાનાયક ગ્રેટ ટાયીને બે દીકરીઓ હતી. એક વસંત ઋતુમાં બંનેએ યૌવનમાં પ્રવેશ કર્યો. રાજાએ લાડકી દીકરીઓના માનમાં સાત દિવસની ભવ્ય મિજબાની ગોઠવી. એણે આખાય રાજ્યના લોકોને નોતર્યા. સાત દિવસ બધાએ રાજાના મહેમાન થઈ રહેવાનું, રાતદિવસ ચાલનારા સંગીત-નૃત્યના જલસામાં મહાલવાનું ને ભાવતાં ભોજન આરોગવાનાં. લોકોનો ઉત્સાહ સાતમા આસમાને હતો. રાજા મહાપરાક્રમી હતો.



**સ્ક્વૉમિશ ડાઉનટાઉન**

પ્રજાને લીલાલહેર હતાં. દુઃખ હતું તો બસ એક વાતનું કે, ઉત્તરમાં વસતી એક બીજી આદિજાતિ સાથે એમને વેર હતું. પ્રિન્સ રૂપર્ટમાં વસતા આ લોકો સાથે વારંવાર લડાઈ થઈ જતી. ઉત્તર સરહદ હંમેશાં ગેરીલાયુદ્ધથી અને અચાનક ચઢી આવતા આક્રમણકારોથી ત્રસ્ત રહેતી. જોકે રાજા પરાક્રમી હતો, હંમેશાં એની જ જીત થતી, એટલે જીવ ગુમાવતા સૈનિકોના ચિત્કાર એને કાને જાણે પડતા જ નહીં.

મિજબાનીમાં સાત દિવસ બાકી રહ્યા, ત્યારે બંને દીકરીઓ હાથમાં હાથ નાખીને રાજા પાસે ગઈ. 'પિતાજી, અમે કાંઈક કહી શકીએ ?' મીઠડી દીકરીઓએ સ્નેહથી પૂછ્યું. 'હા બેટા, જરૂર કહો. હું તમારી હર ઇચ્છા, હર માગણી પૂરી કરીશ.' રાજાએ જવાબ આપ્યો. દીકરીઓ કહે, 'પિતાજી અમારી હાર્દિક ઇચ્છા છે કે, આપણી મિજબાનીમાં ઉત્તરે વસતી આપણી દુશ્મનજાતિને પણ આમંત્રણ અપાય.' રાજા વિસ્મિત થઈ ગયો. જરાક વિચારીને એણે વચન આપ્યું : 'મારી વહાલી બેટીઓ, તમારા દિલની ઇચ્છા હું જરૂર પૂરી કરીશ.' એ સાંજે સરહદ પર સુલેહનાં તાપણાં સળગાવાયાં. શાંતિદૂત આમંત્રણ આપવા ગયો. દુશ્મનજાતિના લોકોનું ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું. ઉત્તરના લોકો સાગમટે મહેફિલ માણવા આવ્યા; સાથે લાવ્યાં માછલીઓ ને સોનું, રત્નો ને મોતી, જાતે ગૂંથેલી ટોપલીઓ, શણગારેલાં ગાડાં ને હેતે વણેલા ધાબળા. સૌ પ્રેમથી રાજાની દીકરીઓ માટે અમૂલ્ય ભેટ-સોગાદ લાવ્યાં. એ દિવસથી સરહદો શાંત થઈ ગઈ. કાળક્રમે રાજાની લાડલી દીકરીઓએ બે બાળકોને જન્મ આપ્યો : અમન અને બંધુત્વ. એ બંનેના રાજમાં પ્રજા યુગોથી સુખશાંતિમાં આનંદપૂર્વક રહે છે. વેર શમાવવાના એમના આ પ્રયત્નથી ખુશ થઈ, સૂર્યદેવતાએ વહાલી દીકરીઓને અમર કરી દીધી. આજે પણ એ બંને બહેનો વૅનકુવરના નાકે લાયન્સપીક નામના શિખર પર ઊંચા આસને બિરાજી, આખાય પ્રદેશની સુખાકારીનું ધ્યાન રાખે છે.

હવે કૅનેડા સાથે જોડાઈને આધુનિક વિશ્વ સાથે કદમ મિલાવવા છતાં એમણે પોતાની અસ્મિતા સાંગોપાંગ જાળવી છે. અમે તે દિવસે જોવા ગયાં તે હતી સ્ક્વૉમિશ રાષ્ટ્રની રાજધાની. એ ગામનું નામ પણ સ્ક્વૉમિશ જ છે. સ્ક્વૉમિશનો અર્થ થાય, પવનની જનેતા અથવા પવનનું જન્મસ્થાન. અહીં બધું આ જ નામથી ઓળખાય છે. અહીંના લોકોની જાતિ સ્ક્વૉમિશ, અહીંની નદીનું નામ પણ સ્ક્વૉમિશ જ છે.

**— ભારતી રાણે**

# ઇતિહાસનું પુનર્લેખન અને સત્યનો માપદંડ

ઈતિહાસ એટલે 'આ પ્રમાણે બન્યું હતું' એવો એનો અર્થ આમ તો સાવ સરળ જણાય છે. એક એવી માન્યતા છે કે ઈતિહાસ વિજેતાની દૃષ્ટિએ લખાય છે. ઈતિહાસમાં હાર-જીત, સફળતા-નિષ્ફળતા, લાભ-નુકસાન અંગે ઘણી વાર અલગ અલગ દૃષ્ટિકોણના કારણે એક જ ઘટનાનું ભિન્ન ભિન્ન રીતે નિરૂપણ થાય છે. આપણા દેશનો-વિશ્વનો ઈતિહાસ જે રીતે શીખવવામાં આવે છે તેમાં પ્રાચીન, મધ્યયુગનો અને અર્વાચીન – એમ ત્રણ અલગ અલગ વિભાગોમાં વહેંચાયેલો છે. ઈતિહાસની ઘટનાઓ અંગે પાકિસ્તાનના સર્જક મહંમદ અલી ઝીણાએ એવી ટિપ્પણી કરી હતી કે હિંદુના અને મુસલમાનના ઈતિહાસના નાયકો-ખલનાયકોનો ખ્યાલ તદ્દન વિપરીત છે. મુસલમાનો માટે હિંદુ શાસકો કાફિરોથી વિશેષ કશું નથી, તો હિંદુઓ માટે મુસ્લિમ બાદશાહો અને સુલતાનો ક્રૂરતા, આતંક, વિનાશ અને ધર્માંધતાના પર્યાય છે. ભારતીય ઈતિહાસના આલેખનના બે પ્રવાહો અગાઉથી ચાલ્યા આવે છે.

એ. એલ. બશામ નામના ઈતિહાસકારે 'ભારત એક આશ્ચર્ય' શીર્ષક સાથે પુસ્તક લખીને આપણી સંસ્કૃતિ અને સિદ્ધિઓનું મહિમામંડન કર્યું છે. મેક્સમુલર, કર્નલ ટોડ, કર્નલ કોટન અને ફાર્બસ જેવા અનેક તજ્જ્ઞોએ જહેમત કરીને ભારતના વિવિધ પ્રદેશના ઈતિહાસ, ભાષા, સભ્યતાને ઉજાગર કરવામાં નોંધપાત્ર પ્રદાન કર્યું છે. અમુક અંગ્રેજો અને યુરોપિયન વિદ્વાનોએ સામ્રાજ્યવાદની અસર હેઠળ હિંદની સિદ્ધિઓને અવગણી દૂષણો અને વહેમોને બહાર લાવી શ્વેત પ્રજાની ગુરુતાગ્રંથિ વધે તે રીતે વર્ણનો કર્યાં છે. દેશના ડાબેરી ઈતિહાસકારોએ તો ઘટનાઓનું એવી વિચિત્ર રીતે અર્થઘટન કર્યું છે કે તેમનાં લખાણોની વિશ્વસનીયતા સાવ તળિયે જઈને બેઠી છે. ભારતમાં શિક્ષણનું પ્રમાણ વધતાં અને અગણિત વિરાસત સમાં મંદિરો, ગ્રંથો, ચિત્રકામ, સ્થાપત્ય, આયુર્વેદ, ખગોળશાસ્ત્ર, સંગીત, નૃત્યના ક્ષેત્રની સિદ્ધિઓ અંગે અધિકૃત અને આધારભૂત માહિતી મળવાથી પ્રાચીન અને મધ્યકાલીન ઈતિહાસ અંગેની માન્યતાઓમાં મૂળભૂત પરિવર્તન આવ્યું છે. પાશ્ચાત્ય ઈતિહાસકારોનું વલણ ઈસુ પહેલાંનો સમય અંધકાર યુગનો છે તેમ ધારીને જૂનામાં જૂના ગ્રંથો કે સ્મારકોનો સાચો સમય ન સ્વીકારી પૂર્વીય સભ્યતાઓનો વિકાસ ઢંકાઈ જાય તેવું વલણ રહ્યું છે.

જાણીતા લેખક જ્યોર્જ ઓરવેલનું કહેવું છે : 'જે ભૂતકાળ પર અંકુશ ધરાવે છે, તે ભવિષ્ય પર પણ નિયંત્રણ કરે છે. જેની વર્તમાન પર હકૂમત છે, તે જ ભૂતકાળની ઓળખ સ્થાપવા સક્ષમ છે.' ભારતના વર્તમાન શાસક પક્ષની ફરિયાદ રહી છે કે ભારતના ઈતિહાસને અગાઉ ઈસ્લામિક સાહિત્યના આધારે પક્ષપાતપૂર્વક લેખવામાં આવ્યો છે. વિજયનગર સામ્રાજ્ય, ચોલા અને પલ્લવ વંશો, મેવાડ અને મહારાષ્ટ્ર, જોધપુર, જેસલમેર, આસામ વગેરે પ્રદેશોના ઈતિહાસને નજરઅંદાજ કરવામાં આવ્યો

છે. દિલ્હી દેશની રાજધાની છે અને ત્યાં જેનું શાસન હોય તે જ ભારતના ભાગ્યવિધાતા એવું સમીકરણ અર્થહીન છે. હકીકતોની ઉપેક્ષાથી ઇતિહાસ અધૂરો રહે છે. આ ઉપરાંત પ્રાચીન સમયનાં વિશ્વવિદ્યાલયો જેનાં વર્ણન અનેક વિદેશીઓએ પોતાનાં પુસ્તકોમાં કર્યાં છે તેને મહત્ત્વ આપવામાં આવ્યું નથી. જૈન મુનિઓએ લખેલ ગ્રંથોનું સંશોધન કરી માહિતીને પ્રમાણિત કરવામાં પ્રમાદ સેવવામાં આવ્યો છે. ભારતીય જ્ઞાનગ્રંથો, સંસ્કૃત સાહિત્ય, પ્રાદેશિક પુસ્તકોની જગ્યાએ એકાદ શિલાલેખ કે સિક્કાની છાપને આધારે જે નિષ્કર્ષો તારવ્યા છે, તે સંદેહના દાયરામાં હોય તે સ્વાભાવિક છે. મધ્યયુગમાં મુઘલ સામ્રાજ્ય શક્તિશાળી હતું. અકબરે અને રજપૂતોમાંના અમુક પરિવારોએ રાજકીય સુલેહ અને બાદશાહ સાથે લગ્નજોડાણો દ્વારા સત્તાની ભાગબટાઈ કરી હતી, પણ તેમાં ધાર્મિક સહિષ્ણુતાનાં દર્શન કરવા જેવું ખાસ કંઈ નથી. ઔરંગઝેબને નેક ઇન્સાન - ટોપી સીવીને ગુજરાન કરતો - દર્શાવવાની ચેષ્ટા તેની વેરવૃત્તિ, ધર્મઝનૂન કે ક્રૂરતાને ઢાંકી શકે નહીં.

અર્વાચીન ઇતિહાસમાં આઝાદીની લડતમાં વ્યાપક જનભાગીદારી ધરાવતી કૉંગ્રેસના પ્રદાનને મહત્ત્વ આપવામાં આવ્યું છે. નેતાજી સુભાષચંદ્ર બોઝ, શહીદ ભગતસિંહ, વીર સાવરકર અને ક્રાંતિકારીઓની ભૂમિકાને સીમિત કરવામાં આવી છે તેવી માન્યતામાં આંશિક તથ્ય છે. સામે પક્ષે કૉંગ્રેસ સામ્રાજ્યવાદની એજન્ટ છે, ગાંધીજી અને નહેરુએ દેશને નુકસાન કર્યું છે, ગાંધીજીની હત્યા યોગ્ય છે, આઝાદી ક્રાંતિકારીઓ થકી જ આવી છે તેવા દાવાઓ ઇતિહાસમાં અસત્યને સત્યના વાઘા પહેરાવી રજૂ કરવાનો હિચકારો પ્રયત્ન છે.

ભારતના ઇતિહાસ બાબત આપણે તટસ્થતાપૂર્વક વિચારણા કરીએ, તો હાલના સંદર્ભો અને આધાર-પુરાવાની દૃષ્ટિએ નીચે મુજબનાં તારણો વાજબી ગણી શકાય :

(૧) ભારતનો પ્રાચીન ઇતિહાસ ખૂબ ગૌરવવંતો છે. અન્ય દેશોમાં આ સભ્યતાની અસર હતી અને અમુક અંશે આજે પણ છે. દૂર પૂર્વના દેશોમાં હિંદુ મંદિરો અને ગ્રંથો ઉપલબ્ધ છે, તે ભારતીય સંસ્કૃતિના વ્યાપને નિઃશંક રીતે સ્થાપિત કરે છે. વૈદિક સંસ્કૃતિ ઈ. સ. પૂર્વે ૬૫૦૦ વર્ષ કે તેથી વધારે સમયથી વિકસિત રહી છે, તેની નોંધ લેવામાં ઇતિહાસકારોએ કરેલી ઉપેક્ષા આશ્ચર્યજનક છે.

(૨) ઈ. સ. પૂર્વે ૬૦૦ વર્ષ પહેલાં સ્થપાયેલ બૌદ્ધ ધર્મનો ફેલાવો મૌર્ય સામ્રાજ્યના સમ્રાટ અશોક દ્વારા થયો અને તે ભારતની પૂર્વ-પશ્ચિમે નોંધપાત્ર રીતે ફેલાયો. અગાઉ વૈદિક-સનાતન ધર્મની મૂર્તિઓ, મંદિરો પશ્ચિમના દેશોના દૂરદરાજના ભાગોમાં સચવાયેલાં મળી આવે છે, તેમ છતાં સનાતન ધર્મ અને બૌદ્ધ ધર્મ થકી વ્યાપક બનેલી ભારતની સભ્યતા અને સિદ્ધિઓનું હકીકતલક્ષી દસ્તાવેજીકરણ કરવું જોઈએ તે થયું નથી. બાઇબલ આધારિત ખ્રિસ્તી ધર્મ અને કુરાન આધારિત ઇસ્લામ ધર્મ મૂર્તિપૂજાને સ્વીકારતો નથી. તેઓ દ્વારા ઉત્તમ સ્થાપત્યો, મંદિરો, મૂર્તિઓનો વિનાશ થયો છે તેની ટીકા કરવામાં અનેક ઇતિહાસકારો સંકોચ અનુભવે છે.

(૩) મધ્યયુગનો ઇતિહાસ અગણિત યુદ્ધોથી ભરપૂર છે. આ યુદ્ધોમાં રાજપૂતોએ

હારનો સામનો કર્યો છે. ક્રૂરતા, ત્રાસ, દગાબાજી અને ધર્માંધતા સામે મક્કમ લડત આપી છે. અનેક વાર આક્રમણકારોને પીછેહઠ કરવા ફરજ પાડી છે, તે ઘટનાઓની ઈતિહાસમાંથી બાદબાકી કરવી તે ઈતિહાસલેખનને વિકૃત અને પક્ષપાતી બનાવે છે.

(૪) ચેન્નાઈસ્થિત 'ભારત જ્ઞાન' નામની સંસ્થાએ ૧૦૦ જેટલાં સંશોધન પુસ્તકો પ્રકાશિત કરી ભારતના પ્રાચીન ગૌરવને ઈતિહાસકારોએ કઈ રીતે અવગણ્યું છે તેની હકીકતો આધાર-પુરાવા સાથે આલેખી છે. વર્તમાન શાસકપક્ષ ઈતિહાસલેખનમાં રહેલી ક્ષતિ સુધારે તે જરૂરી અને આવકાર્ય છે.

(૫) ભારતના ઈતિહાસમાં સિંધમાં મુહમ્મદ બિન કાસિમે શિયા પંથના ઈમામના પરિવારને આશ્રય આપનાર રાજા દોહિરને હરાવી સિંધમાં સત્તા સ્થાપી. ત્યારબાદ ગુલામ, ખીલજી, ઘોરી વંશો દ્વારા દિલ્હી સલ્તનતનું શાસન આવ્યું. ત્યારબાદ મુઘલોએ ઈ. સ. ૧૫૨૫થી ૧૮૫૭ ત્રણેક સદી માટે રાજસત્તા ભોગવી તે સમયગાળો ગુલામીનો ગણવો કે નહીં તે અંગે ઈતિહાસકારોમાં મતભેદ પ્રવર્તે છે. ભારતની સનાતનધર્મી, બૌદ્ધ, જૈન, શીખ સંપ્રદાયો માટે મુસ્લિમ શાસન અસહિષ્ણુતાનું ઉદાહરણ છે. તેથી બહુમતી પ્રજા તેને ગુલામીનો સમય માને તે સ્વાભાવિક છે.

(૬) અર્વાચીન ઈતિહાસમાં ગ્રેટ બ્રિટને પ્રથમ અને દ્વિતીય વિશ્વયુદ્ધ જીત્યું તેમાં હિંદી સૈનિકોનો ફાળો નોંધપાત્ર હતો. પ્રથમ વિશ્વયુદ્ધ બાદ નવી દિલ્હી ઈન્ડિયા ગેટમાં તમામ શહીદ સૈનિકોનાં નામો કોતરીને બ્રિટને ભારતીયોનો ઋણસ્વીકાર કર્યો હતો. દ્વિતીય વિશ્વયુદ્ધનો ઈતિહાસ તો તત્કાલીન વડાપ્રધાન વિન્સટન ચર્ચિલે આલેખ્યો, પણ તેમાં તેમણે ભારત અને નેપાળના સૈનિકોના પ્રદાનને કોઈ ખાસ મહત્ત્વ ન આપ્યું. સામ્રાજ્યવાદી માનસિકતા ગણો કે રંગભેદ, ઈતિહાસ જ્યારે હકીકતોને અવગણે છે, ત્યારે તેના પુનર્લેખનનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે.

ઈતિહાસના પુનર્લેખનના મુદ્દે આપણે વિશ્વસનીયતા, સત્યનિષ્ઠા, તટસ્થતા, આધાર-પુરાવા અને સંતુલનનો આગ્રહ રાખી શકીએ. ઈતિહાસ હકીકતલક્ષી જરૂર હોય, પણ તેને વ્યક્તિગત કે જૂથના પૂર્વગ્રહોના ધોરણે ન લખવો જોઈએ. ઈતિહાસકાર ન તો ધર્મ કે રાજકીય વિચારધારાનો પ્રતિનિધિ હોય શકે કે ન તો તે મનઘડંત બાબતો અંગે દુરાગ્રહ રાખી શકે. ખુલ્લું મન રાખીને જે સમયની ઘટના હોય તે સમયના સંદર્ભો, મૂલ્યાંકનો અને તેમાં રહેલી અતિશયોક્તિ નિવારવી અનિવાર્ય છે.

કમનસીબે ઈતિહાસ આજે અન્યને ઉચ્ચ કે નીચ દેખાડવાની રમત બની છે. તેનો ભોગ સત્ય બને છે. આપણે ઈતિહાસલેખન અને વાંચન વેળાએ મનને પૂર્વગ્રહથી મુક્ત રાખી શકીએ, તો ઈતિહાસ જૂની ઘટનાઓનો એક આધારભૂત સાક્ષી બની શકે. પૂર્વગ્રહોને પોષવા માટે કે અત્યાચારોને વાજબી ઠેરવવાનો, હકીકતોને મારીમચડી નાખવાનો પ્રયાસ કરી ઈતિહાસનું પુનર્લેખન થાય, તો તે ભાવિ પેઢીને ગુમરાહ કરશે તેમાં શંકા નથી. સત્ય, સંવેદના, માનવીય મૂલ્યો, સ્વતંત્રતા અને સમાનતાના માપદંડોના આધારે જ ઘટનાનું સાચું વિશ્લેષણ થઈ શકે. આ માટે આપણે પ્રતિબદ્ધતા સાથે સત્ય ઉજાગર કરવાનો પ્રયાસ કરતાં રહીએ તેમાં સૌનું શ્રેય છે.

**– પ્રવીણ ક. લહેરી**

# વિજ્ઞાન અને ટેક્નોલોજીના અભિવાદનનો રૂડો અવસર

અઠ્યાવીસમી ફેબ્રુઆરીને આપણે 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ' તરીકે ઊજવીએ છીએ. ૨૮ ફેબ્રુઆરી, ૧૯૨૮ના દિવસે વિજ્ઞાની ડૉ. ચંદ્રશેખર વેંકટરામને (૧૮૮૮-૧૯૭૦) પ્રકાશના વિખેરણ (scattering) અંગે અદ્વિતીય શોધ કરી જેને માટે તેઓને ૧૯૩૦માં ભૌતિકશાસ્ત્રના નોબેલ પુરસ્કારથી સન્માનવામાં આવ્યા હતા. આ શોધ 'રામન પ્રભાવ' (Raman Effect) નામથી જાણીતી બની. વિજ્ઞાન, ટૅક્નૉલૉજીના સહારે લોકોપયોગી બને છે. તેનાથી લોકોનું જીવનધોરણ સુધરે છે. અમેરિકાના ભૌતિકશાસ્ત્ર અને ગણિતના જાણીતા પ્રાધ્યાપક ફ્રીમેન જે. ડાયસને (૧૯૨૩-૨૦૨૦) પોતાના એક પુસ્તકમાં લખ્યું છે કે 'ટૅક્નૉલૉજી એ ઈશ્વરની ભેટ છે. જીવન પછીની આ સૌથી મોટી ભેટ છે. તે કલા, વિજ્ઞાન અને સંસ્કૃતિની માતા છે. માનવજાતને ભૂતકાળનાં બંધનોમાંથી મુક્ત કરવા માટે તે સતત વિકસતી રહે છે. ટૅક્નૉલૉજીની ગતિશીલતા તેનું ક્રાંતિકારી પાસું છે. કોઈ પણ વ્યક્તિ તેને શીખી શકે છે. તે દેશ-પ્રદેશની સરહદોને સહેલાઈથી ઓળંગી જાય છે. જાતિ અને ભાષાના વાડાઓ તેને રોકી નથી શકતા - તે સતત આગળ વધતી જાય છે.' પ્રા. ફ્રીમેન કહે છે કે ટૅક્નૉલૉજી વિજ્ઞાનની માતા છે. કેટલાક અન્ય વિજ્ઞાનીઓના મત મુજબ વિજ્ઞાન ટૅક્નૉલૉજીનો જનક છે. આપણા જેવા સામાન્ય લોકો માટે તો વિજ્ઞાન અને ટૅક્નૉલૉજી જોડકાં હોય તેમ લાગે છે.

વિજ્ઞાન અને ટૅક્નૉલૉજી કુદરતનાં રહસ્યો ઉકેલે છે અને નવા કુદરતી નિયમો અને સિદ્ધાંતોની શોધ કરે છે. તેનાથી નવા જ્ઞાનનો ઉમેરો થાય છે. નવું જ્ઞાન સમાજોપયોગી થાય છે. વિજ્ઞાન અને ટૅક્નૉલૉજી સમાજમાં જે રીતે યોગદાન આપે છે તેના પરથી લાગે છે કે વિજ્ઞાન એટલે નવું નવું જ્ઞાન ઉમેરતા રહેવું અને તે નવા જ્ઞાનનો ઉપયોગ માનવીનું જીવનધોરણ ઊંચું લાવવામાં કરવો. તે સમાજની વિવિધ સમસ્યાઓનું સમાધાન શોધવા માટે પણ ઉપયોગી થાય છે. એકવીસમી સદીની શરૂઆત જ્ઞાન આધારિત એટલે કે વિજ્ઞાન અને ટૅક્નૉલૉજી આધારિત સમાજ તરફ ગતિ કરવાથી થઈ. સમાજ માટે વિજ્ઞાન અને ટૅક્નૉલૉજીને વ્યવહારુ બનાવવા માટે વિજ્ઞાન અને ટૅક્નૉલૉજીની પ્રવૃત્તિઓને વેગ આપી નવા જ્ઞાનમાં સતત વૃદ્ધિ કરવી ખૂબ જ જરૂરી છે.

વિજ્ઞાન, ટૅક્નૉલૉજી અને સમાજ વચ્ચેના સંબંધને પર્વત પર પડતા વરસાદના ઉદાહરણ દ્વારા સમજી શકાય. પર્વત પર પડેલો વરસાદ તરત જ નીચે તરફ ધસી જતો નથી. પહેલાં તો તે જંગલો ઉપર પડે છે જ્યાં વરસાદી પાણીનો સંગ્રહ થાય છે. સંગ્રહિત પાણી વૃક્ષો અને વનસ્પતિને જીવન આપે છે અને ધરતીને લીલીછમ બનાવે છે. આની તુલના મૂળભૂત સંશોધન દ્વારા પ્રાપ્ત થતા વૈજ્ઞાનિક જ્ઞાનસંચય અને સત્યની સતત શોધ સાથે કરી શકાય. તે દર્શાવે છે કે વિજ્ઞાન પોતે આગવું આંતરિક મૂલ્ય ધરાવે છે.

દરમિયાન જંગલનું વરસાદી પાણી ઝરણાં સ્વરૂપે વહેવા લાગે છે અને સતત પહોળા થતા પ્રવાહ સાથે તે નીચે તરફ વહી જાય છે. એક ઝરણામાંથી અનેક પેટા પ્રવાહોનો ઉદ્ભવ થઈ શકે છે. અરે! ક્યારેક તો પ્રવાહ ભૂગર્ભમાં ઊતરી જઈ ત્યાં એક



આગવું નેટવર્ક રચે છે. વૈજ્ઞાનિક જ્ઞાનના આધારે કરવામાં આવતી સંશોધન અને વિકાસની પ્રવૃત્તિઓની વિવિધતાને આ પરિસ્થિતિ સાથે સરખાવી શકાય. તે નવા વિવિધ તકનીકી પ્રકલ્પોના અંકુરણ તરફ દોરી જાય છે. નદી અંતે ખેતરો અને શહેરો સુધી પહોંચે છે. ત્યાં તેનો ઉપયોગ પીવાના પાણી માટે, ઘરગથ્થુ હેતુઓ માટે, કૃષિ અથવા ઔદ્યોગિક ઉપયોગો માટે તેમજ અન્ય જરૂરિયાતો માટે થાય છે. તે સાર્વત્રિક રીતે સમાજના તમામ વર્ગોને લાભ આપે છે. આ રીતે જ વ્યાવહારિક તકનીકોમાં પરિણમતાં સંશોધન અને વિકાસ સમાજ અને માનવીય જીવનસમૃદ્ધિને વેગ આપે છે. સમાજની પડકારરૂપ અનેક સમસ્યાઓનું સમાધાન શોધવા માટે વિજ્ઞાન અને ટૅક્નૉલૉજીનો ઉપયોગ થાય છે. ઘટી રહેલાં જંગલો જો પૂરતા પ્રમાણમાં વરસાદને લાવવામાં નિષ્ફળ જાય તો સમાજને દુષ્કાળનો સામનો કરવો પડે. તેવી જ રીતે, વિજ્ઞાન અને ટૅક્નૉલૉજી દ્વારા સામાજિક પ્રગતિ માટે વૈજ્ઞાનિક જ્ઞાનનો પૂરતો સંચય જરૂરી છે. બીજા શબ્દોમાં કહીએ તો વિજ્ઞાનને સમાજના પાયાની શક્તિ ગણી શકાય. જોકે, આ પાયાની શક્તિ એક જ દિવસમાં પ્રાપ્ત કરી શકાય તેવી નથી, પરંતુ તેને તો સતત મેળવતી રહેવી પડે છે - ઉમેરતી રહેવી પડે છે.

માનવજીવનની સગવડ અને સમૃદ્ધિ સાથે આદિકાળથી વિજ્ઞાન અને ટૅક્નૉલૉજીનો પ્રગાઢ સંબંધ રહ્યો છે. વિજ્ઞાનની ઉત્પત્તિ કુદરતને ઓળખવાની - સત્ય સુધી પહોંચવાની માનવીય જિજ્ઞાસામાંથી થઈ છે, જેને કાળક્રમે જનમાનસનું સમર્થન મળ્યું છે. વિજ્ઞાનનો મુખ્ય ઉદ્દેશ્ય કુદરત સાથે તાદાત્મ્ય સાધી તેની કાર્યપદ્ધતિને મૂળથી સમજવાનો છે. વિજ્ઞાન ટૅક્નૉલૉજીથી અલગ ક્ષેત્ર તરીકે વિકસિત થયું હતું. વિજ્ઞાન એક શાસ્ત્ર છે જ્યારે ટૅક્નૉલૉજી એક ઍપ્લિકેશન છે - પદ્ધતિ છે. અલબત્ત, તકનીકી પ્રગતિને વિવિધ વૈજ્ઞાનિક સંશોધનો દ્વારા સમર્થન મળ્યું હતું. તેનો અર્થ એ નથી કે નવી તકનીકો વિકસાવવા માટે વૈજ્ઞાનિક સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું. વૈજ્ઞાનિક જ્ઞાન ઉપલબ્ધ હોવાને કારણે તેનો ઉપયોગ ટૅક્નૉલૉજીના વિકાસ માટે કરવામાં આવ્યો હતો. એવાં ઘણાં ઉદાહરણો મળે છે કે વૈજ્ઞાનિક સંશોધનને આગળ ધપાવવા માટે નવી ટૅક્નૉલૉજી વિકસાવવામાં આવી હોય. ઔદ્યોગિક ક્રાંતિ પછી, વિજ્ઞાન અને ટૅક્નૉલૉજીના અલગ અલગ રસ્તાઓ એકબીજાની નજીક સરકવા લાગ્યા. નોંધપાત્ર રીતે, વૈજ્ઞાનિક પરિણામોને સમાજમાં ઉપયોગ માટે ટૅક્નૉલૉજી સાથે જોડવાની

વિભાવના લગભગ ૧૮૫૦ પછી પ્રચલિત થઈ. આ સમયે રસાયણશાસ્ત્ર વિશેના જ્ઞાનના ઉપયોગના આધારે રાસાયણિક ઉદ્યોગોનો વિકાસ થવા લાગ્યો અને વિદ્યુત તકનીકોએ આધાર લીધો વીજચુંબકીય જ્ઞાનનો. તેમ છતાં, વિશ્વની વ્યાવસાયિક પ્રવૃત્તિથી વિજ્ઞાન દૂર રહે છે. અલબત્ત, ટૅક્નૉલૉજીની વાત જુદી છે. વૈજ્ઞાનિક પરિણામોને લીધે માનવપ્રવૃત્તિઓની ક્ષિતિજો વિસ્તરતી જાય છે. વિજ્ઞાનનો લોકો પર મોટો પ્રભાવ પડ્યો છે. પરિણામે સમાજનો સ્વભાવ બદલાતો રહ્યો છે. માનવ-સંસ્કૃતિની પ્રગતિનું મુખ્ય ચાલકબળ વિજ્ઞાન અને ટૅક્નૉલૉજી રહ્યાં છે.

વિજ્ઞાન અને ટૅક્નૉલૉજીની બહુદિશ પ્રગતિને કારણે થયેલા સામાજિક અને સાંસ્કૃતિક પરિવર્તનનાં અગણિત ઉદાહરણો આપણી સામે છે. સૈકાઓ પહેલાંનાં વૈજ્ઞાનિક સંશોધનો આજની ઘણી ટૅક્નૉલૉજીના આધારસ્થંભ છે. વર્તમાન સમયની વાત કરીએ તો કૃત્રિમ બુદ્ધિમત્તા (AI) અને ઈન્ફર્મેશન ટૅક્નૉલૉજી(IT)ને લીધે આવેલા સામાજિક અને સાંસ્કૃતિક પરિવર્તનની સાક્ષી આજની પેઢી રહી છે. આ પરિવર્તનની ગતિ પણ ઘણી વધારે છે. આ પ્રગતિ કમ્પ્યૂટર ટૅક્નૉલૉજીના વિકાસના આધારે થઈ છે. અલબત્ત, કમ્પ્યૂટર ટૅક્નૉલૉજીના વિકાસનાં મૂળિયાં એક સૈકા પહેલાં રજૂ થયેલી કમ્પ્યૂટરની વિભાવના કે પછી દાયકાઓ પહેલાં શોધાયેલા ટ્રાન્ઝિસ્ટરમાં રહેલાં છે. વિજ્ઞાનના આધારે થયેલા ટૅક્નૉલૉજીના બહુદિશ વિકાસને કારણે સાંસ્કૃતિક ક્રાંતિના આપણે સાક્ષી રહ્યા છીએ. અલબત્ત, નવી ટૅક્નૉલૉજીને ઉમળકાભેર સ્વીકારવાના આપણા અભિગમે તેમાં મુખ્ય ભૂમિકા ભજવી છે.

૨૦૨૦થી - છેલ્લાં બે વર્ષથી આખું વિશ્વ મહામારીથી પરેશાન થઈ રહ્યું છે. કોરોના વાઈરસના સંક્રમણથી ફેલાયેલા કોવિડ-૧૯ રોગચાળાને લીધે ઘણા લોકોએ જીવ ગુમાવ્યા. એક સમયે તો લાગતું હતું કે આ વિષમ પરિસ્થિતિમાંથી બહાર નીકળવાનો કોઈ રસ્તો જ નથી અને સ્થિતિ બદથી બદતર થતી જતી હતી. વિજ્ઞાન અને ટૅક્નૉલૉજીના યોગદાનને કારણે માનવી તેને નિયંત્રિત કરી શક્યો - અસંખ્ય માનવીય જીવોને તે બચાવી શક્યો. પ્રાણઘાતક વાઈરસ સામે રક્ષણ મેળવવા વૅક્સિન વિકસાવવાનો મરણિયો પ્રયાસ થયો અને તેનાં સારાં પરિણામો પણ મળ્યાં. આ ઉપરાંત માસ્ક, સેનિટાઈઝર અને દવાઓ પણ વિજ્ઞાન અને ટૅક્નૉલૉજીની જ દેન છે. ઈતિહાસ સાક્ષી છે કે જે લોકોએ વિજ્ઞાન અને ટૅક્નૉલૉજીને હૃદયપૂર્વક અપનાવ્યાં છે તે લોકો જ આગળ વધી શક્યા છે - ટકી શક્યા છે. આ વાત સાથે એક લાલબત્તી પણ ધરવી પડે કે ટૅક્નૉલૉજીનો દુરુપયોગ વિનાશ નોતરી શકે. આજના આ કપરા કાળમાંથી આપણને ઉગારવા માટે વિજ્ઞાન અને ટૅક્નૉલૉજી સતત પ્રયત્નશીલ છે. તેને નાની નાની વાતોમાં પણ આપણા સૌના - ફરી વખત આપણા સૌના સાથ અને સહકારની જરૂર છે.

વિજ્ઞાનના દૂત સમા વિજ્ઞાનીઓનાં કાર્યોને બિરદાવવાનો 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ' એક અવસર છે. વિજ્ઞાનને અનુસરીને - વિજ્ઞાનીઓની વાતને માનીને, તેમણે સૂચવેલી મર્યાદામાં રહીને આ અવસરને ઊજવીએ.

**— ચિંતન ભટ્ટ**

# ઓગસ્ટ ક્રાંતિનું ઊગમસ્થાન : ટેનિસ કોર્ટ

મારા પૂજ્ય વંદનીય ગુરુ ડૉ. ધીરુભાઈ ઠાકરની યાદમાં આ લખાણ લખતાં હું ખૂબ આનંદ અને ગૌરવ અનુભવું છું.

ગુજરાત કૉલેજ અંગ્રેજ સરકારની કૉલેજ તરીકે સંસ્થાનવાદી સામ્રાજ્યના પ્રતીક રૂપે હતી. પણ ગુજરાતમાં ગુજરાત કૉલેજ અમદાવાદમાં બ્રિટિશ શાસન વિરુદ્ધ વિદ્યાર્થીઓની ચળવળ તો ઊકળતા ચરૂ સમાન રહી. ૧૯૦૨માં અમદાવાદમાં હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસના અધિવેશનથી અમદાવાદનું વિદ્યાર્થીજગત રાષ્ટ્રીય પ્રવૃત્તિની તાલીમ મેળવતું ગયું. ગાંધીયુગમાં ગુજરાત ગાંધીજીના સત્યાગ્રહ આંદોલનની પ્રયોગશાળા બન્યું. ખેડા, અસહકારનું આંદોલન, નાગપુર સત્યાગ્રહ, બોરસદ, બારડોલી આંદોલનો વિદ્યાર્થીની તાલીમશાળા બની રહ્યાં.

૧૯૩૫થી ગુજરાતમાં વિદ્યાર્થીમંડળો સ્થપાવા માંડ્યાં. વિદ્યાર્થીની સભ્યસંખ્યા ૧૯૪૦માં ૩૩૦૦ જેટલી થઈ. અમદાવાદ અને તેમાં પણ ગુજરાત કૉલેજ વિદ્યાર્થીમંડળનું કેન્દ્ર બન્યું. ગુજરાતમાં ૧૯૪૨ની 'હિંદ છોડો' લડતમાં વિદ્યાર્થીગણ મોખરાનું સ્થાન લે તે ઇતિહાસની તવારીખમાં સ્વાભાવિક હતું. પૂનાના અચ્યુત પટવર્ધન, શંકરરાવ દેવ, બિહારના સહજાનંદ સારસ્વત, જયપ્રકાશ નારાયણ, ઈન્દુલાલ યાજ્ઞિક, બાલકૃષ્ણ શુક્લ, જશવંત ઠાકોર, દિનકર મહેતા, અંબુભાઈ પુરાણી વગેરે વિદ્યાર્થી-પ્રવૃત્તિને દોરતા. 'રાજદ્રોહ' અને 'ઈન્કિલાબ' મૅગેઝિનો બહાર પડતાં. વાતાવરણ પૂરેપૂરું ગરમાયું હતું.

૮મી ઑગસ્ટ, ૧૯૪૨ની રાત્રે રવિશંકર મહારાજે ગુજરાત કૉલેજની હૉસ્ટેલના વિદ્યાર્થીઓ સમક્ષ ભાષણ આપ્યું. નેતાની ગેરહાજરીમાં વિદ્યાર્થી શું શું કરી શકે તે સમજાવ્યું.

૯મી ઑગસ્ટનો દિવસ હતો. મારી ઉંમર ૮ વર્ષની હતી. પરિમલ સોસાયટીમાં અમે રહેતા. સોસાયટીના શાળા-કૉલેજમાં ભણતા યુવાન વિદ્યાર્થી છોકરા-છોકરીઓ ખૂબ પ્રવૃત્તિશીલ હતાં. રાષ્ટ્રવાદથી વાતાવરણ ધબકતું હતું. નાનાં બાળકો તરીકે યુવાન વિદ્યાર્થીઓ અમારા ફ્રૉકમાં વહેંચવાની પત્રિકાઓ ખોસતા. અમારે ઘેર ઘેર જઈ આપવાની રહેતી. ખાસ કરીને ભાષણો, સભાઓ ક્યાં થવાની છે તેની માહિતી રહેતી. હું રાષ્ટ્રીય શાળા શેઠ સી. એન. વિદ્યાલયમાં ભણતી. અમારા આચાર્ય શ્રી ઝીણાભાઈ દેસાઈ (સ્નેહરશ્મિ) રાષ્ટ્રીય કવિ હતા. 'ઝંડા ઊંચા રહે હમારા', 'ફરક ફરક તું મુક્ત હવામાં' આ ગીતો બાળકો તરીકે અમે ખૂબ ગાતાં. ૯મીએ અમારી સોસાયટીમાં સભા ભરાઈ. લગભગ પાંચ વાગ્યાના સુમારે મોટી વાન આવી, તેમાંથી સફેદ ટોપીવાળા સાર્જન્ટો નીકળ્યા. આડેધડ લાઠીચાર્જ કરવા માંડ્યો. ઘણાં છોકરા-છોકરીઓ ઘાયલ થયાં, લોહીલુહાણ થયાં. અમારાં માબાપે અમને ઘરમાં પૂરી દીધાં.

'હિંદ છોડો આંદોલન'ની ૧૦મી ઑગસ્ટની કથા જે ગુજરાત કૉલેજના ટેનિસ કોર્ટના



ડૉ. ધીરુભાઈ ઠાકર :
યુવાન વયે

પટાંગણમાં બની હતી. તેનો આંખે દેખ્યો હેવાલ હું મારા પ્રોફેસર ડૉ. ધીરુભાઈ ઠાકરના શબ્દોમાં રજૂ કરીશ. ૧૦મી ઑગસ્ટે શેઠ સી. એન. વિદ્યાલયથી મશાલ સરઘસ નીકળ્યું. અમે બધાં બાળકો એમાં જોડાયાં. અમારી સાથે લૉ કૉલેજના મેદાનમાં ૨૦૦૦ વિદ્યાર્થીઓ એકઠા થયા હતા તે પણ એમાં સામેલ થવાના હતા. સરઘસ આકારે વિદ્યાર્થીઓ લાલ દરવાજા પાસેના કૉંગ્રેસભવન પર પહોંચવાના હતા. અગ્રગણ્ય વિદ્યાર્થી નેતાઓના હાથમાં ત્રિરંગી ઝંડો હતો. ૨૦૦ યુવા વિદ્યાર્થિનીઓ હિંમતપૂર્વક આગલી હરોળમાં હતાં. હાથમાં આઝાદી-સ્વતંત્રતાને લગતાં બૅનરો હતાં. 'શાહીવાદ મુર્દાબાદ', 'અંગ્રેજો ચાલ્યા જાવ', 'ગાંસડાં-પોટલાં બાંધો બ્રિટનિયા'ના નારા બોલાયે જતા હતા. સરઘસ આગળ વધ્યું, પોલીસો આવી, મિશન આગળ બેસુમાર લાઠીચાર્જ થયો. અમારા શિક્ષકોએ ગુજરાત કૉલેજના ક્રિકેટ ગ્રાઉન્ડ પરથી અમને ભગાડી મૂક્યાં.

પછી શું થયું ? એ ઇંતેજારી વર્ષો સુધી રહી. હું જ્યારે ૧૯૬૦માં ગુજરાત કૉલેજમાં લૅક્ચરર બની ત્યારે ડૉ. ધીરુભાઈ ઠાકર, ગુજરાતીના પ્રોફેસર તરીકે મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાંથી બદલી થતાં ગુજરાત કૉલેજમાં આવ્યા હતા. ૧૯૪૨ની 'હિંદ છોડો' લડત અંગે મેં ડૉ. ધીરુભાઈ ઠાકરની મુલાકાત લીધી ત્યારે તેમણે કેટલીક ઘટનાઓ રૂંવાડાં ખડાં કરે તે રીતે રજૂ કરી. તેમના શબ્દોમાં -

'એ દિવસ ૧૦મી ઑગસ્ટનો હતો. વાતાવરણ અત્યંત ઉત્તેજનાપૂર્ણ બન્યું હતું. ગાંધીજીની ધરપકડની ઊડતી વાતોથી વાતાવરણ ગરમાયું. યુવાપ્રવૃત્તિઓએ જોર પકડ્યું. ગુજરાત કૉલેજના જેવું જ વિદ્યાર્થીપ્રવૃત્તિનું બીજું કેન્દ્ર લૉ કૉલેજ હતું. બંને સાવ નજીક હતાં. વિદ્યાર્થીઓએ મનસૂબો કર્યો કે બ્રિટિશ સામ્રાજ્યના પ્રતીક સમા ગુજરાત કૉલેજની સરકારી સંસ્થા ઉપરથી યુનિયન જેક ઉતારી ત્રિરંગી ઝંડો ફરકાવવો. આ મનસૂબાનો સૂત્રધાર વિનોદ કિનારીવાળા હતો. ત્રિરંગી ઝંડો તેણે સરઘસમાં મજબૂત રીતે પકડ્યો હતો.

૧૧ વાગ્યાના સુમારે કૉલેજના ઉત્તર-પશ્ચિમ દરવાજેથી સરઘસ મિશનના મકાન આગળ લાઠીચાર્જ થવાથી કૉલેજમાં દાખલ થયું. બાજુમાં આવેલી લાઈબ્રેરી સામે ટેનિસ કોર્ટ હતું ત્યાં વિદ્યાર્થીઓ સૂત્રો પોકારતા અતિશય ઉત્સાહમાં હતા. વધારે પોલીસની ટુકડી સાથે આઈરીશ સારજન્ટ લાબુદી શાયર ટેનિસ કોર્ટમાં દાખલ થયો. દૂરથી વિદ્યાર્થીઓ પોલીસ પર પથ્થમારો કરતા હતા. સારજન્ટ ખૂબ તુમાખીવાળો અને કડક મિજાજી હતો. પરિસ્થિતિને પામી અમે બધા પ્રોફેસરો અમારી ચેમ્બરમાંથી બહાર આવ્યા. હું, પ્રિન્સિપાલ પટવર્ધન, ભરત આનંદ સાલેટૉર, પ્રોફેસર સ્વામીનારાયણ, એન. એમ. શાહ વિદ્યાર્થીઓને શાંત રહેવા સમજાવતા હતા, એટલામાં એક નાની કાંકરી દૂરથી વિદ્યાર્થીગણમાંથી ફેંકાઈ જે લાબુદી શાયરની હૅટ પર અથડાઈ. લાબુદીનો પિત્તો આસમાને પહોંચ્યો. પોલીસોને હુકમ આપ્યો : જુઓ

ત્યાંથી ગોળીથી વીંધી નાખો. એ હુકમનો અમલ રોકવા માટે હું લાબુદી સામે ધસી ગયો. ''રોકો રોકો''નું બુમરાણ મેં મચાવ્યું પણ ગોળીઓ ધડાધડ છૂટવા લાગી. હું ઘવાયો. મને ગોળી વાગતાં લોહીના ખાબોચિયામાં હું પટકાયો. વિદ્યાર્થીઓ ઘવાયા, કેટલાક વીંધાઈ ગયા, ઉમાકાન્ત કડિયા, રસિકલાલ જાની ઘવાયા, હાથમાં ઝંડા સાથે ''ઇન્કિલાબ ઝિંદાબાદ''ના નારા સાથે વિનોદ કિનારીવાળા શહીદ થયો.


વિનોદ કિનારીવાળાનું સ્મારક

મને ઊંચકીને બાજુના સાયન્સ બિલ્ડિંગમાં લઈ ગયા. મારી આજુબાજુ પ્રોફેસર સાલેટૉર, સ્વામીનારાયણ, એન. એમ. શાહ તથા વિદ્યાર્થીગણ વીંટળાઈ વળ્યું. મને હૉસ્પિટલ લઈ જવામાં આવ્યો. બે મહિને હું સાજો થઈ શક્યો. પ્રોફેસરમિત્રો અને વિદ્યાર્થીઓએ મારી અપાર સેવા કરી. જિંદગીના એ દિવસો આજે પણ હું ભૂલી શક્યો નથી.'

ગુજરાત કૉલેજનું આ ટેનિસ કોર્ટ, ફ્રાન્સની ક્રાન્તિ(૧૭૮૯)ના ઊગમસ્થાન સમા 'ટેનિસ કોર્ટ ઑથ'નો બનાવ યાદ આપી જાય તેવો છે. એ દિવસ હતો ૨૦મી જૂન, ૧૭૮૯નો. આપખુદ રાજાશાહી સામે ટેનિસ કોર્ટમાં ફ્રાન્સની જનતાનો ભવ્ય વિજય હતો. આ બનાવને 'ફ્રાન્સની ક્રાન્તિનું લઘુ સ્વરૂપ' (France Revolution in miniature) કહેવાય છે. ફ્રાન્સની પાર્લમેન્ટ જેને એસ્ટેટ (Estate) કહેવાતી, તે ત્રણ વિભાગમાં વહેંચાયેલી હતી. પ્રથમ એસ્ટેટ પાદરીઓની, બીજી એસ્ટેટ ઉમરાવોની અને ત્રીજી એસ્ટેટમાં ખેડૂતો, મજૂરો, સામાન્ય જનતા હતી. ત્રણે વિભાગો જુદા જુદા મળતા પણ ત્રીજા એસ્ટેટે બધાએ ભેગા મળીને ટેનિસ કૉર્ટમાં શપથ લીધા કે આ સભાને નૅશનલ ઍસેમ્બ્લી જાહેર કરવી અને આપણે બધાએ એક થઈ રહેવું. આ ટેનિસ કોર્ટ ઑથ સમયે જનતાના નેતા મિરાબો(Mirabeau)એ ગર્જના કરતાં કહ્યું, 'સાહેબ ! જાઓ તમારા માલિક(રાજા)ને જઈને કહો કે અમે અહીં જનતાની ઇચ્છાથી આવ્યા છીએ. તમારી ગમે તેટલી બૅયોનેટની અણી અમને ખસેડી નહીં શકે.' ટેનિસ કોર્ટ ઑથે ફ્રાન્સની ક્રાન્તિને છેવટના અંજામ સુધી પહોંચાડી.

ગુજરાત કૉલેજના ટેનિસ કોર્ટે, વિદ્યાર્થીઓની શહાદતે દેશમાં જુવાળ પેદા કર્યો. ૧૯૪૨ની 'હિંદ છોડો' લડત એ ભારતની સ્વતંત્રતાપ્રાપ્તિનું આખરી યુદ્ધ હતું. ગાંધીજી કહે છે કે ટેનિસ કોર્ટ જેવા નાના બનાવો ટીપે ટીપે સ્વતંત્રતાની નજદીક લાવે છે. વિનોદ કિનારીવાળા, ઉમાકાન્ત કડિયા, રસિકલાલ જાની, ગુણવંત શાહ, પુષ્પવદન મહેતા, વસંતલાલ રાવલની શહાદતે દેશ આખામાં પડઘો પાડ્યો. 'હિંદ છોડો' આંદોલન લોકઆંદોલન બન્યું.

ક્યાં ગયા એ શહાદતો અને ક્યાં ગયા એ સન્નિષ્ઠ, દેશભક્ત પ્રોફેસરો ? દેશદાઝ અને દેશપ્રેમથી ધબકતી એ આખી પેઢી ઐતિહાસિક કાળચક્રમાં સમાઈ ગઈ.

– ડૉ. શિરીન મહેતા

# ભેટયોજનાની ભીંસમાં

એક સદ્‌ગૃહસ્થે નવું મકાન લીધું અને ત્યાં રહેવા ગયા. એક દિવસ એમના એક ઓળખીતા એમને મળવા આવ્યા. યજમાને હોંશથી ડ્રૉઈંગ રૂમ તેમને બતાવતાં કહ્યું, ‘સાત ઓરડાવાળું મકાન છે. તમને જાણીને નવાઈ લાગશે કે આ ડ્રૉઈંગ રૂમમાં જે ફર્નિચર છે તે બધું જ – હા, બધું જ ફર્નિચર સાબુની એક કંપનીએ આપેલી ગિફ્ટ કૂપનોમાંથી વસાવેલું છે.’

‘એમ ?’ મહેમાને નવાઈ પામીને કહ્યું, ‘મને આખું મકાન જોવામાં રસ છે. બાકીના છ ઓરડા પણ બતાવો.’

‘બાકીના છ ઓરડા સહેજસાજ ખૂલી શકે છે ખરા. પણ એમાં અંદર જઈ શકાય એમ નથી.’ યજમાને સહેજ મૂંઝાઈને કહ્યું.

‘કેમ ?’ યજમાનની વાત સાંભળી મહેમાનને ખૂબ નવાઈ લાગી.

‘એ છ ઓરડામાં સાબુ ભર્યો છે !’ યજમાને સ્પષ્ટતા કરતાં કહ્યું.

ઉપરના જેવા કિસ્સા ઓછા બનતા હશે, પણ છેક જ નથી બનતા એમ કહી શકાય તેમ નથી. અમુક વસ્તુ લો તો ઉપર અમુક વસ્તુ ભેટ રૂપે મળે અથવા ઈનામી ડ્રૉ માટેની કૂપન મળે એવી અનેક યોજનાઓની જાહેરાતો રોજ જોવા મળે છે. જુદાં જુદાં ક્ષેત્રોમાં હરીફાઈ એટલી બધી વધી ગઈ છે કે ગ્રાહકોને આકર્ષવા જાતજાતના નુસખાઓ અજમાવાય છે. એક જમાનામાં કોઈ જાતના વળતર વગર ખાદી પહેરવાની ભાવના હતી. હવે એમાં પણ વળતરની બોલબાલા છે. આમ પણ, સ્વાતંત્ર્ય પછી કેટલાક ખાદી પહેરનારાઓએ તો માત્ર વળતર મેળવવા પર જ ધ્યાન કેન્દ્રિત કર્યું છે ! ઘણાં વર્ષોથી ઑક્ટોબર-નવેમ્બર મહિનામાં ખાદીની ખરીદી પર અપાતા ડિસ્કાઉન્ટને કારણે ખાદીના વેચાણમાં ભારે ઉછાળો આવે છે. આઠ દીકરીઓના પિતા એવા અમારા એક સ્નેહી આઝાદીની સુવર્ણજયંતી વખતે ખૂબ ઝાઝું ડિસ્કાઉન્ટ મળતું હતું એનો લાભ લઈ દીકરીઓ માટે ખાદીનો આખો તાકો ઉપાડી લાવ્યા. પણ દીકરીઓએ એકસરખો ડ્રેસ પહેરવાની ના પાડી. પરિણામે એમણે પોતાને માટે નાહવાની ચડ્ડીઓ સિવડાવી નાખી. આજે પણ એ નાહવાની બત્રીસ ચડ્ડીઓના માલિક છે. ડિસ્કાઉન્ટની સ્કીમે એમને સાચે જ નવડાવી નાખ્યા કહેવાય !

અત્યારે ઝૅરૉક્સની સેવાઓ એટલા મોટા પ્રમાણમાં ઉપલબ્ધ છે કે, ગ્રાહકોને આકર્ષવા મરણિયા પ્રયત્નો કરવામાં આવે છે. અમારા રહેઠાણની આસપાસ ઝૅરૉક્સવાળા ઘણી મોટી સંખ્યામાં છે. ઝૅરૉક્સનો વ્યવસાય અપક્ષ સંસદસભ્ય-ધારાસભ્ય જેવો હોય છે - ગમે તેની સાથે મૅચ થઈ જાય ! પ્રોવિઝન સ્ટોરમાં પણ ઝૅરૉક્સની સગવડ હોય છે અને મેડિકલ સ્ટોરમાં પણ ઝૅરૉક્સ થઈ શકે છે, વૉશિંગ કંપનીમાં પણ ઝૅરૉક્સ મશીન હોય છે ને આઇસક્રીમ પાર્લરમાં પણ ઝૅરૉક્સ કરાવી

શકાય. આવી એક ઝૅરૉક્સની દુકાનના માલિકે પચાસ રૂપિયાનું ઝૅરૉક્સ કરાવે તેને એક ઇનામી ચિઠ્ઠી ખેંચવા મળે અને એ ચિઠ્ઠીમાં જે ઇનામનો નિર્દેશ હોય એ ઇનામ મળે એવી યોજના બનાવી હતી. ઇનામી ચિઠ્ઠીની વાત સાંભળી હું ભાગ્ય અજમાવવા લલચાયો. મારે સો રૂપિયાનું ઝૅરૉક્સ કરાવવાનું હતું, પણ મેં ચારસો રૂપિયાનું ઝૅરૉક્સ કરાવ્યું. આજ સુધીમાં ક્યારેય કોઈ લકી ડ્રૉમાં હું લકી પુરવાર થયો નહોતો. છતાં મેં ઉત્સાહથી આઠ ચિઠ્ઠીઓ ઉપાડી. આમાંથી સાત ચિઠ્ઠીઓ મારા મગજ જેવી બિલકુલ કોરી નીકળી અને એકમાં પિપરમીટ આપવાની વાત કરવામાં આવી હતી ! આ યોજનામાં રેફ્રિજરેટર કે ટી.વી. મળશે એવી આશા મેં નહોતી જ રાખી, પણ સાવ પિપરમીટની આશાય નહોતી રાખી. પણ ચિઠ્ઠીના ચાકર તરીકે પિપરમીટ સ્વીકાર્યા સિવાય બીજો રસ્તો નહોતો.

ઉપરોક્ત ઘટનાના થોડા દિવસ પછી એક વાર મેં કબાટનું ખાનું ખોલ્યું તો એમાંથી તદ્દન નવાં છત્રીસ ટૂથબ્રશ મળી આવ્યાં. મોંમાં 'ટૂથ' ઓછા થતા જાય છે એ વખતે આટલાં બધાં ટૂથબ્રશ શા માટે એવો પ્રશ્ન સ્વાભાવિક રીતે જ મને થયો. એક વાર મેં ઘરમાં વાત કરી હતી કે આપણે મહેમાનો માટે ઘરમાં બે-ચાર નવાં ટૂથબ્રશ રાખવાં જોઈએ. કોઈ ભુલકણા મહેમાન ટૂથબ્રશ ભૂલી જાય તો એમને કામ આવે ને પાછા જાય ત્યારે સ્મૃતિચિહ્ન તરીકે સાથે લઈ જઈ શકે. પણ આટલાં બધાં ટૂથબ્રશની જરૂર પડે એટલા મહેમાનો અમારે ત્યાં આવતા નથી અને આવે છે એમાંથી આટલાં બધાં ટૂથબ્રશની જરૂર પડે એટલા મહેમાનો ભુલકણા નથી હોતા. મેં પત્નીને આટલાં બધાં ટૂથબ્રશના અસ્તિત્વ અંગે પૂછ્યું તો એણે કહ્યું, 'ફલાણી કંપનીનો ડિટરજન્ટ પાઉડર ખરીદીએ તો પાંચસો ગ્રામના પૅકેટ પર એક ટૂથબ્રશ મફત મળતું હતું. આપણે મહેમાનો માટે ટૂથબ્રશની જરૂર તો હતી જ - એટલે મને થયું કે, હમણાં આ કંપનીનો ડિટરજન્ટ પાઉડર લઈએ. એટલે થોડા મહિનાથી આપણે એ ડિટરજન્ટ પાઉડર લઈએ છીએ એને કારણે મફત મળેલાં આ ટૂથબ્રશ છે ! હજુ થોડા મહિના આ યોજના ચાલુ રહેવાની છે એટલે બીજાં બે-એક ડઝન ટૂથબ્રશ મફતમાં મળી જશે એટલે ચિંતા નહિ.' આટલાં બધાં ટૂથબ્રશનું શું કરવું એ જ મોટી ચિંતા હતી, પણ એ વાત પત્નીના ધ્યાનમાં આવી નહોતી. સારું છે કે, આ યોજના આજીવન ચાલવાની નહોતી, નહીંતર ત્રણ રૂમવાળા અમારા ફ્લૅટના એક રૂમમાં વૉશિંગ પાઉડરનાં પૅકેટ ભર્યાં હોત ને એક રૂમમાં ટૂથબ્રશ ભર્યાં હોત ! અત્યારે એકઠાં થયાં છે એટલાં ટૂથબ્રશ પણ અમારા પૌત્રો અને કદાચ એમના પુત્રો પણ એમના ભુલકણા મહેમાનો માટે વાપરી શકશે એમ હું માનું છું.

આવા અનુભવો પછી ઘરમાં ભેટયોજનાવાળી વસ્તુઓ ન લાવવી એવો નિશ્ચય અમે સર્વાનુમતે કરેલો પણ એનો પહેલો ભંગ મારા હાથે જ નિર્માયેલો હશે એની ત્યારે ક્યાં ખબર હતી ? થયું એવું કે અમારા એક સંબંધીના ત્રાણુમા જન્મદિવસ પ્રસંગે એમને સરસ ધોતિયું ભેટ આપવું એવી ભાવનાથી ધોતિયું ખરીદવા માટે હું એક પ્રસિદ્ધ મિલની રિટેલ શૉપમાં ગયો. દુકાનદાર જુદાં જુદાં ધોતિયાં બતાવી રહ્યા હતા ત્યાં એક યુવાન સેલ્સમૅન દુકાનમાં દાખલ થયો. એણે દુકાનદારને અને મને બૂટચંપલ મૂકવાનું

(અનુસંધાન ૨૪મા પાને)

# ૨૦૨૨ : ભારતમાં 5G ટેક્નોલોજીનો ઉદય

૨૦૨૦-૨૦૨૧નાં વર્ષોમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને મશીન લર્નિંગ ટૅક્નૉલૉજીનો વિકાસ થયો. ડેટાની ઝડપ વધી. વીડિયો કૉલ અને વૉઇસ કૉલ સરળ બન્યા. ફોન કૉલ્સ મોબાઇલ નેટવર્ક પર મદાર રાખે છે, જ્યારે વીડિયો કૉલ અને વૉઇસ કૉલની ગુણવત્તા ડેટા સર્વિસ આધારિત છે. ડેટા સર્વિસમાં સુધારો થયો, તે સાથે જ વીડિયો કૉલ અને વૉઇસ કૉલની સુવિધા સરળ બની. એક તરફ કૉલ ડ્રોપનું પ્રમાણ વધી રહ્યું છે ને બીજી તરફ વોટ્સએપ જેવી મૅસેજિંગ એપમાં દિવસે દિવસે વૉઇસ કૉલ વધુ ભરોસેમંદ થતા જાય છે. ૨૦૨૦ અને ૨૦૨૧ના વર્ષની સૌથી મોટી ઉપલબ્ધિ વીડિયો કૉલ ગણી શકાય. વીડિયો કૉલની શરૂઆત તો પહેલાંથી જ થઈ ગઈ હતી, પરંતુ ૨૦૨૦-૨૧માં એની કાર્યસેવા બહેતર બની અને તેને સ્વીકૃતિ પણ વધુ મળી. છેલ્લાં બે વર્ષોમાં વીડિયો કૉલની ટૅક્નૉલૉજીએ ફોન કૉલની સર્વિસને રિપ્લેસ કરી દીધી છે. ફૉર્મલ કૉલ્સને બાદ કરતાં હવે ફોન કૉલ પર નિર્ભરતા ઘટતી જાય છે.

૨૦૨૦ અને ૨૦૨૧માં નથી થયું તે ૨૦૨૨માં થાય તેવી શક્યતા છે. આ વર્ષે મોબાઇલ ટૅક્નૉલૉજી એક ડગલું આગળ વધશે. એ ડગલું એટલે 5G. દેશની ટોચની ડેટા પ્રોવાઇડર કંપનીઓ 5G નેટવર્કના પ્રયાસો કરે છે. ૨૦૨૨માં તેની શરૂઆત થઈ જશે એવી ધારણા છે. આ વર્ષે મહાનગરોમાં તેનો પ્રસાર થઈ જશે, એ તો લગભગ નક્કી છે. ભારતમાં ઘણી કંપનીઓએ ૨૦૨૦થી જ 5G એક્સેસ સ્માર્ટફોન આપવાનું શરૂ કરી દીધું હતું. ૨૦૨૧માં તો લગભગ બધી જ મોબાઇલ નિર્માતા કંપનીઓએ 5G ફોન લૉંચ કરી દીધા હતા. ધારણા તો એવી જ હતી કે ૨૦૨૧ને 5Gની સ્પીડ સાથે ગૂડબાય કરીશું. પરંતુ કોરોના મહામારીના કારણે 5Gની સ્પીડને બ્રેક લાગી ગઈ અને લૉંચિન્ગ પાછું ઠેલાયું. હવે ૨૦૨૨માં દેશમાં 5Gની શરૂઆત થાય એવી પૂરી શક્યતા છે.

દેશમાં ૧૩ શહેરોને આ વર્ષે 5G મળે એવી ધારણા છે. દિલ્હી, મુંબઈ, કૉલકાતા, ચેન્નાઈ, અમદાવાદ, ગાંધીનગર, જામનગર, ગુરુગ્રામ, ચંડીગઢ, બૅંગાલુરુ, હૈદરાબાદ, પુણે, લખનઉમાં 5Gની સર્વિસ શરૂ કરવાનો સંકેત સરકારના ટેલિકૉમ્યુનિકેશન વિભાગે આપ્યો હતો. આ ૧૩ શહેરોમાં ટ્રાયલ શરૂ કર્યા પછી તેના ફિડબેકના આધારે 5Gનો વિસ્તાર કરાશે. ટૅક્નૉલૉજીના નિષ્ણાતોનું માનવું છે કે 5G સ્પેક્ટ્રમની ફાળવણી ૨૦૨૨ના મધ્યમાં થઈ જશે તો વર્ષાંતે એની સર્વિસનો પ્રારંભ થઈ જશે. આ વર્ષે માર્ચ સુધીમાં 5G સ્પેક્ટ્રમની ફાળવણી અંગે જે અવરોધો છે તે દૂર થાય એવો સંકેત પણ આઈટી વિભાગે આપ્યો છે. સ્પેક્ટ્રમની વહેંચણીના આધારે ગ્રાહકને સરવાળે કેટલા રૂપિયામાં 5G મળશે એ નક્કી થશે, પરંતુ આરંભમાં ખાસ

ટ્રાયલના ભાગ રૂપે ૧૩ શહેરોમાં આ સેવા 4Gના દરે જ આપવાની વિચારણા પણ થઈ રહી છે.

દેશભરમાં 5Gની સર્વિસ મળે તેના માટે હજુ થોડી વધારે રાહ જોવી પડશે. એક વખત શહેરોમાં તેનો સફળ પ્રયોગ થશે પછી ગ્રામ્ય વિસ્તારો સુધી એ સુવિધા પહોંચશે. એમાંય વળી માગ અને પુરવઠા(ડિમાન્ડ ઍન્ડ સપ્લાય)ની નીતિ લાગુ પડશે. શહેરી વિસ્તારોના ગ્રહકોએ 5G માટે મહિને સરેરાશ ૧૦૦૦ રૂપિયા સુધીનો ખર્ચ કરવો પડે એવી શક્યતા વ્યક્ત થઈ રહી છે. ગ્રામ વિભાગના ગ્રાહકો આટલો ઊંચો ભાવ આપવા તૈયાર થશે કે નહીં એ જુદો મુદ્દો બનશે. અત્યારે મોટાભાગની કંપનીઓનો 4Gનો ૮૪ દિવસનો પ્લાન ૫૦૦થી ૬૦૦ રૂપિયા આસપાસ છે. મહિને લગભગ ૨૦૦ રૂપિયા જેટલો ખર્ચ 4G સર્વિસ પાછળ થાય છે. 5Gની સ્પીડ માટે તેનાથી ચાર કે પાંચ ગણો ખર્ચ કરવો પડશે. આવી સ્થિતિમાં ગ્રામ વિસ્તારમાં બધા ગ્રાહકોને એ પરવડશે કે કેમ તે સવાલ સર્જાશે. શરૂઆતના એકાદ-દોઢ વર્ષ પછી 5Gના ભાવમાં ઘટાડો થશે એવું પણ માનવામાં આવે છે. ઑપરેટર્સ વચ્ચે સ્પર્ધા થશે પછી ભાવ ગગડશે, છતાં 4Gના  બમણા ભાવ આપવા પડે એવી શક્યતા તો છે જ. ટૂંકમાં બે-એક વર્ષ પછી મહિને ૪૦૦ રૂપિયામાં 5G સર્વિસ મળતી થઈ જશે. થોડાક વધારે ખર્ચના બદલામાં અભૂતપૂર્વ સ્પીડ મળશે તો એ કદાચ ફાયદાનો સોદો બની રહેશે.

ભારત 5G સર્વિસની બાબતમાં ૬૧ દેશોથી પાછળ છે. વિશ્વના ૬૧ દેશોનાં ૧૩૩૬ શહેરો 5Gની રેન્જમાં આવી ચૂક્યાં છે. ૨૦૨૦માં દુનિયાનાં ૩૭૮ શહેરોમાં 5Gની સર્વિસ ઉપલબ્ધ બની હતી. ૨૦૨૧માં ૩૫૦ ટકાના વધારા સાથે ૯૫૮ શહેરો એમાં ઉમેરાયાં હતાં. અમેરિકાનાં ૩૪૯ શહેરોમાં 5Gની સ્પીડ મળી ચૂકી છે. આફ્રિકા, યુરોપ અને મિડલ ઈસ્ટનાં ૪૫૯ શહેરો આ ટૅક્નૉલૉજીથી સજ્જ બની ચૂક્યાં છે. એશિયન શહેરોની સંખ્યા સૌથી વધુ ૫૨૮ છે. એમાંથી એકલા ચીનનાં જ ૩૪૧ શહેરોનો સમાવેશ થાય છે. આટલાં શહેરો સાથે ચીન વિશ્વમાં પ્રથમ ક્રમે છે. ૨૭૯ શહેરો સાથે અમેરિકા બીજા અને ૮૫ શહેરો સાથે દક્ષિણ કોરિયા ત્રીજા નંબરે છે. દક્ષિણ કોરિયાએ સૌથી પહેલાં લાર્જ સ્કેલ ઉપર 5Gની સર્વિસ શરૂ કરી દુનિયાને નવી દિશા આપી હતી.

૨૦૧૬માં શોધાયેલી આ ટૅક્નૉલૉજી ઝડપભેર દુનિયાભરમાં ફેલાઈ રહી છે. ફાઈવ-જી એટલે કે ફિફ્થ જનરેશનની ડેટા સ્પીડને સત્તાવાર માન્યતા આપનારો પહેલો દેશ અમેરિકા હતો. ૨૦૧૬માં જ અમેરિકાના ફેડરલ કૉમ્યુનિકેશન કમિશને સ્પેક્ટ્રમની ફાળવણીને મંજૂરી આપી હતી. ૨૦૧૮માં યુરોપિયન સંઘે 5G માટે દરવાજા ખોલ્યા હતા. એ પછી દુનિયાભરમાં તેના પ્રયોગો શરૂ થયા હતા. ભારત સહિતના ૯૦ દેશોની ૨૨૫ ટેલિકોમ કંપનીઓએ 5Gની સર્વિસનું ડેમોન્સ્ટ્રેશન કરી લીધું છે, પરિણામે ૨૦૨૫ સુધીમાં વિશ્વની ૭૦ ટકા વસ્તી 5G નેટવર્કના દાયરામાં આવી જશે એવો અંદાજ છે. ૨૧મી સદીનો ત્રીજો દશકો ઇન્ટરનેટની સ્પીડનો દશકો બની રહેશે એ નક્કી છે.

મોબાઇલમાં જેવી 5Gની સ્પીડ આવશે કે તરત મોબાઇલ ટેક્નૉલૉજી ફરીથી બદલાશે. વીડિયો ફોનની ક્વૉલિટી બહેતર બનશે. ડાઉનલૉડની સ્પીડ અગાઉ કરતાં અનેકગણી વધી જશે. સ્ટ્રીમિંગ ઝડપી થશે. સર્ચ-રિઝલ્ટ  થોડીક સેકન્ડમાં દેખાશે. સંક્ષેપમાં મોબાઇલનો અનુભવ બદલાઈ જશે. કહો કે સ્માર્ટફોનની એની એ જ ટેક્નૉલૉજી નવા રૂપરંગ ધારણ કરશે. પણ હા, એ માટે ચાર કરોડ ફોનને કચરામાં ફેંકવા પડશે. દેશનાં ૧૩ શહેરોના ચાર કરોડ જેટલા 4G ફોન આઉટડેટેડ થઈ જશે અને બીજા એટલા જ નવા 5G સ્માર્ટફોનની માગ નીકળશે, જે મોબાઇલનિર્માતા કંપનીઓને કરોડો રૂપિયાનો ધંધો કરાવશે.

**– હર્ષ મેસવાણિયા**

---

**(૨૧મા પાનાનું ચાલુ)**

પ્લાસ્ટિકનું એક આકર્ષક સ્ટૅન્ડ બતાવ્યું અને પછી કહ્યું, 'બસો રૂપિયાનું આ સ્ટૅન્ડ સો રૂપિયામાં મળશે અને ઉપરથી પાણી પીવાના પ્લાસ્ટિકના છ ગ્લાસ ભેટ મળશે.' બૂટચંપલનું સ્ટૅન્ડ સરસ જ હતું. પણ વાદળી રંગના ગ્લાસ તો બહુ જ સરસ હતા. મેં સેલ્સમૅનને પૂછ્યું, 'આ ગ્લાસ કેટલામાં મળે ?' એણે જવાબ આપ્યો, 'ગ્લાસ વેચાણ માટે નથી. આ સ્ટૅન્ડ લો તો ગ્લાસ ભેટ તરીકે મળે.'

ગ્લાસ સરસ હતા. નાખી દેતાં છ ગ્લાસ સાઠેક રૂપિયાના તો હશે જ. સ્ટૅન્ડ પણ સરસ જ હતું. વળી, બસો રૂપિયાનું સ્ટૅન્ડ સો રૂપિયામાં મળતું હતું. મેં સ્ટૅન્ડ ખરીદી લીધું. ધોતિયું લેવા હું બસમાં આવ્યો હતો ને ધોતિયું ખરીદી બસમાં જ ઘેર પાછો જવાનો હતો - પણ હવે સ્ટૅન્ડ અને ગ્લાસના ખોખા સાથે બસમાં ઘેર જવાનું ફાવે તેમ નહોતું.  એટલે રિક્ષા કરીને ઘેર પહોંચ્યો. પચાસ રૂપિયા રિક્ષાના થયા. રિક્ષાના પૈસા ગણીએ તોય આ ખરીદી ફાયદામાં જ હતી, એમ મેં મન મનાવ્યું.

ઘરમાં જઈ મેં સ્ટૅન્ડ અને ખોખું મૂક્યાં. સ્ટૅન્ડ જોઈ સૌ ચમક્યા. 'આ શું લઈ આવ્યા ?' પત્ની-પુત્ર-પુત્રવધૂ – ત્રણેત્રણના મોઢામાંથી એકીસાથે આ પ્રશ્ન સરી પડ્યો. મેં કહ્યું, 'આ બૂટચંપલ મૂકવાનું સ્ટૅન્ડ છે. બૂટચંપલનું કબાટ નાનું પડતું હતું. એટલે હવે વધારાનાં બૂટચંપલ આ સ્ટૅન્ડમાં ભેરવી શકાશે. બસો રૂપિયાનું સ્ટૅન્ડ સો રૂપિયામાં મળી ગયું છે. ઉપરથી છ સરસ ગ્લાસ ભેટ રૂપે મળ્યા છે. એ આ ખોખામાં છે.'

'હા, પણ આ સ્ટૅન્ડ રાખીશું ક્યાં ? અહીં ડ્રૉઇંગ રૂમમાં બૂટચંપલનું પ્રદર્શન થોડું થશે ?' આ મહાન પ્રશ્નનો તો મેં વિચાર જ નહોતો કર્યો ! સ્ટૅન્ડ ક્યાં મૂકવું એ નક્કી કરવા અંગે સૌએ ઘણી મથામણ કરી, પણ સ્ટૅન્ડ માટે યોગ્ય જગ્યા મળી નહિ.  છેવટે સ્ટૅન્ડને માળિયે ચડાવી દેવાનો સર્વાનુમતે ઠરાવ કર્યો. માળિયા પર સ્ટૅન્ડ મૂક્યા પછી એક વાર અમારે ત્યાં ઘરકામ કરનાર છોકરાએ એક મોટું પીપડું ભૂલથી એ સ્ટૅન્ડ પર મૂકી દીધું અને... સાઠેક રૂપિયાના છ ગ્લાસ અમને સો રૂપિયામાં પડ્યા.

**– રતિલાલ બોરીસાગર**

# સૌંદર્યબોધનો અનુભવ કરાવતું સ્મૃતિમંદિર

અત્યાર સુધી 'ભારતના માન્ચેસ્ટર' તરીકે ઓળખાતું આપણું અમદાવાદ હવે ભારતના પ્રથમ 'હેરિટેજ સિટી'નું બિરુદ મેળવી વિકાસપંથે આગેકૂચ કરતું - બધી દિશામાં ફેલાતું જતું નજરે પડે છે. દસક્રોઈ તાલુકા સહિત અનેક વિસ્તારો એમાં ભળી જઈને પોતાની નવી ઓળખ બનાવવામાં પ્રવૃત્ત છે ત્યારે શું મૂળ અમદાવાદ - જૂનું અમદાવાદ વિસરાતું જાય છે એવી ભીતિ તો નથી સેવાઈ રહી ને ? ના હોં...શહેરી વિસ્તારો સહિત પૂર્વનો અમદાવાદનો દેહ મંજાઈ મંજાઈને ઊજળો થતો લાગે છે. હા, જ્યાં જ્યાં પ્રાચીનતાનો પાશ હજી લાગેલો છે, જે-તે જમીનો ખાલી કે ઉજ્જડ આજ દિન પર્યંત લાગતી હતી તે - તે જમીનો વૈવિધ્યપૂર્ણ નૂતનતમ વાઘા સજીને ટટ્ટાર ઊભી જણાય છે. ટૂંકમાં હવે અમદાવાદની તસુએ તસુ જમીન પરની ધૂળ ઊડતી જાય છે અને આધુનિક સમયના શહેરીકરણનાં વાજાં વાગતાં વાગતાં પોતાનું વજૂદ અને પોતાની વગને પ્રસ્થાપિત કરી રહ્યાં છે એ સાનંદાશ્ચર્યની અનુભૂતિ કરાવે છે, આવાં સુખદ બે પરિવર્તનોની આજે નોંધ લઈએ તો કેમ ?

છે...ક છેવાડાનું ગામ વસ્ત્રાલ અહીં નજર સમક્ષ ખડું થાય છે. આ નગરની શાન સમાન મેટ્રો રેલવે અહીં શ્વસે છે અને સગર્વ જેને વધાવવાનું મન થાય એવું સુખરાય મહાદેવ મંદિર અહીં નવા સ્વાંગમાં ભક્તજનો અને રસિકોની રાહ જોતું ઊભું છે. મૂળે માટીની કાચી દીવાલો અને આંગણામાં વર્ષોથી સચવાયેલા આ પ્રાચીન મંદિર માટે કેટલીક કિંવદંતીઓય ખરી. નગરના એક પરિવાર પર પ્રસન્ન થયેલ એક સાધુમહાત્માની કૃપાથી અહીં શિવલિંગની સ્થાપના થયેલી એને આજે જીર્ણોદ્ધારિત નવલું સ્વરૂપ પ્રાપ્ત થયું છે. ખૂબી તો એ છે કે આ સ્થાપત્યની રચના સોમનાથ મંદિરની ડિઝાઇનથી પ્રેરિત છે. અલબત્ત, પહેલાં કરતાં મોટું પરંતુ પ્રમાણમાં નાનું આ મંદિર એક સમયે સામાજિક શુભ પ્રસંગોનું સાક્ષી પણ રહેતું.

સાબરમતી નદીને બંને તીરે વસેલા અમદાવાદની ખાસિયત એ છે કે તે અનેક ગામોનાં ઝૂમખાંઓને પોતાનું નામ દઈ બેઠું છે. એવા જ આ વસ્ત્રાલની ઓળખ સમું સુખરાય મહાદેવ પંચરત્નશાસ્ત્ર અને શિલ્પસૂત્રના સિદ્ધાંતો પર નગર-શૈલીમાં સર્જાયેલું છે. એમાં આપેલ આદર્શ માપ મુજબ ગર્ભગૃહ, તોરણ, શિખર, ઘુમ્મટ, મદલ, સ્તંભ, કમાડ, રંગમંડપ આદિ બનેલાં છે. રાજસ્થાની ગુલાબી પથ્થરની આ ઇમારતને ત્રણ બાજુ ચૉકી છે અને તેમાં ત્રણે દરવાજામાંથી અંદર જઈ શકાય. એમાંના પાછલા પ્રવેશદ્વારે કઠેડા નજીક સ્વાગતે બે હાથીઓ ડોલતા દેખાય છે. પ્રવેશ પછી રંગમંડપમાં હનુમાનજી અને ગણપતિજીને મળ્યા પછી ગર્ભગૃહમાં પ્રવેશાય - જેનાં બારણાં, સ્તંભ અને બારસાખ સુશોભિત છે. સ્તંભો પર ભૌમિતિક અને ફૂલપત્તીની ભાત મધ્યસ્થ ગુંબજના આંતરિક ભાગો તરફ આપણને દોરી જાય છે. જેમાં વર્તુળાકારે કમળપંખુડીઓ શોભે છે. પ્રવેશદ્વારોએ તોરણમાં પ્રાચીન સ્થાપત્યના અંશોની ઝાંખી કરતા મદલ પર સુકન્યાઓનાં કમનીય શિલ્પો નમસ્કાર કરતાં સૌનું સ્વાગત કરે છે. રંગમંડપમાં અને શિખર પર પણ કળશના શણગાર આ મંદિરની ખાસિયત છે. સાદું



**સ્મૃતિમંદિર, ઘોડાસર**

આર્કિટેક્ચર છતાં કળારસિકોને આકર્ષતા આ મંદિરની માટીના પિંડ જેવી પ્રાચીન આકૃતિ પણ એટલી જ ભાવસભર હતી.

ચાલો, હવે જઈએ ઘોડાસર સ્મૃતિમંદિરે. ઓહો ! શું આવી ભવ્ય રચના થવાની હશે તેથી જ આવી ચુમ્માળીસ હજાર વાર (અંદાજે) એટલે કે લગભગ નવ એકર જેટલી જમીન આટઆટલાં વર્ષો લગી ખાલી પડી રહી હશે ? વળી, અતિ આધુનિક એવા આ યુગમાં ૧૯૮૦માં પૌરાણિક નગર સ્થાપત્યશૈલીમાં મંદિર બનવાનું શરૂ થયું અને ૧૯૯૧માં તો તેનું લોકાર્પણ પણ થઈ ગયું. અદ્વિતીય, ભવ્ય આ શ્વેત આરસપહાણનું સ્વામિનારાયણ પંથનું મંદિર જીવનપ્રાણ સ્વામીબાપાની સમાધિની લગોલગ તૈયાર પણ થઈ ગયું. એકસો એક ફૂટની ઊંચાઈ ધરાવતા સ્મૃતિમંદિરમાં બોતેર કૉલમ્સ (ગોળ સ્તંભો) છે. ત્રણ માળના આ મંદિરમાં અગણિત પગથિયાં, કઠેડા, છજાં, સ્તંભો, કમાનો, ગોખલા, ઝરૂખા, છત્રીઓ અને આકર્ષક ગુંબજો છે. આ સૌને જોડતાં, સ્મૃતિમંદિરની શોભાના હૃદય જેવાં તોરણો દ્વારે દ્વારે શોભે છે. પંચખૂણિયા સ્થાપત્યને જોડતાં પાંચ તો પ્રવેશદ્વારો છે. ખૂણે પડતું પ્રસ્તુત મંદિર પરિસરમાં હાથીઓ, માનવાકૃતિઓ, પશુ-પંખીનાં શિલ્પો થકી નીખરી ઊઠ્યું છે. ક્યારીઓમાં રંગબેરંગી પુષ્પો-પર્ણોની વચ્ચે નાના નાના રંગીન પથ્થરોની ભાત એવી તો ઊઠી આવે છે કે ‘વાહ’નો ઉદ્‌ગાર સહજ રીતે નીકળી આવે. મુખ્ય રસ્તાને અડીને જે મુખ્ય પ્રવેશદ્વાર છે તે પણ ગુલાબી આરસપહાણના સ્તંભોથી ધ્યાનાકર્ષક લાગે છે. અરે ! મંદિરની અંદર છત, છો, સ્તંભો અને કઠેડા તો નોંધ્યા જ નહિ ! અને ભીંત પરના ગોખલા અને સંતો-મહાત્માઓનાં શિલ્પો પણ પાર વગરનાં. આ બધાંયનો સરવાળો કરીએ તો અહીં ૫૭,૦૦૦ ઘનફૂટ શ્વેત માર્બલ વપરાયો છે.

આચાર્ય પુરુષોત્તમ પ્રિયદાસજીએ પોતાના ગુરુશ્રી જીવનપ્રાણ સ્વામીબાપાની દૈવી નિશ્રામાં આ સાંસ્કૃતિક મંદિરની રચના કરાવી જેમાં અનેક પેવેલિયન્સમાં ગુરુશ્રદ્ધા, સાહિત્ય, સંગીત, કલાને પોષણ-સમર્થન પ્રાપ્ત છે. શુભ્ર આરસપહાણ સાથે અને આસપાસ સંલગ્ન કલાકારીગરીમાં સોનેરી નકશી અને કોતરકામમાં ગીચ ભૌમિતિક અને ફૂલ, વેલ, પાનની ભાત નજરોને તૃપ્ત કરી દેવા સક્ષમ છે. હાથીની પીઠના ઓઢાડ પણ સોનેરી ! કાષ્ટનાં બારણાં પણ ચક્ર અને ચોગઠાં થકી સમગ્ર સ્થાપત્યની સુંદરતામાં પોતાનો ફાળો નોંધાવે છે. દરેક ખૂણે સૌંદર્યબોધનો અનુભવ કરાવતું સ્મૃતિમંદિર એક અનન્ય શાંતિકેન્દ્ર છે. આ પ્રેમનું મંદિર રસિકોને માટે અતિ મોંઘેરી જણસ સમાન છે.

**— સુધા ભટ્ટ**

# સામા પૂરે તરનારી



શકુંતલા કાળે

સમાજમાં સ્ત્રીઓના રક્ષણ અને સન્માન માટે ગમે તેટલા કડક કાયદા થાય, પરંતુ સમાજમાં આ અંગે મૂળભૂત પરિવર્તન આવતાં વર્ષો લાગે છે અને એમાંય ખાસ કરીને ગામડાંઓમાં એ પરિવર્તનનો પવન પહોંચતો નથી. હજી આજેય ગામડાંઓમાં વસતા પરિવારો સ્ત્રીઓને અભ્યાસ માટે કે નોકરી માટે બહાર જવા દેવા ઇચ્છતા નથી. પરંતુ શકુંતલા કાળે કહે છે કે, 'હું આ બાબતમાં નસીબદાર છું કે મારા કુટુંબે મને આગળ અભ્યાસ કરવાની મંજૂરી આપી અને પ્રોત્સાહિત કરી.'

મહારાષ્ટ્રના પુણે જિલ્લામાં અંબેગાંવ તાલુકાના નાના ગામડામાં શકુંતલા કાળેનો જન્મ થયો. શકુંતલા ચોથા ધોરણમાં ભણતી હતી, ત્યારે પિતાનું અવસાન થયું અને કુટુંબનું ગુજરાન ચલાવવાની જવાબદારી માતાના શિરે આવી. શકુંતલાની માતા મજૂરીનું કામ કરતી અને જે કંઈ મળે તેમાંથી કુટુંબનો જીવનનિર્વાહ ચાલતો હતો. શકુંતલાએ દસમું ધોરણ પાસ કર્યું, પરંતુ પોતાના ગામમાં જુનિયર કૉલેજ ન હોવાથી આગળ અભ્યાસ થઈ શકે તેમ નહોતો અને વધુ અભ્યાસાર્થે બહારગામ જવાનું વિચારી શકે એવી કોઈ આર્થિક કે સામાજિક પરિસ્થિતિ નહોતી. તેથી શિક્ષણને બદલે લગ્નને પ્રાથમિકતા આપવામાં આવી અને માત્ર ૧૪ વર્ષની ઉંમરે લગ્ન કરીને સાસરે ગઈ અને બે બાળકોની માતા બની, પરંતુ એની અભ્યાસ કરવાની તમન્ના એટલી જ પ્રબળ રહી. જીવનમાં એને કંઈક બનવું હતું. એની અભ્યાસની તીવ્ર ઝંખના સાકાર થઈ સાવિત્રીબાઈ ફુલે પુણે યુનિવર્સિટી દ્વારા. યુનિવર્સિટીના ડિસ્ટન્સ લર્નિંગ પ્રોગ્રામ દ્વારા શકુંતલાએ બી.એ., એમ.એ. અને ડી.એડ. કર્યું.

ડિપ્લોમા ઇન એજ્યુકેશનનો અભ્યાસ કર્યા પછી તે એ જ સ્કૂલમાં શિક્ષિકા તરીકે કામ કરવા લાગી કે જ્યાં તેણે અભ્યાસ કર્યો હતો. આટલું પ્રાપ્ત કર્યા પછી પણ શકુંતલા કાળેને સંતોષ નહોતો. એને આગળ વધુ અભ્યાસ કરવો હતો. એની આંખમાં હજી એક સ્વપ્ન હતું અને તે એ કે મહારાષ્ટ્ર પબ્લિક સર્વિસ કમિશનની પરીક્ષા પાસ કરીને જીવનમાં આગળ વધવું, પરંતુ મુશ્કેલી એ હતી કે એના ગામમાં આ પરીક્ષાની તૈયારી કરવા માટે પુસ્તકો કે કોઈ વાચનસામગ્રી ઉપલબ્ધ નહોતી. એને માર્ગદર્શન આપી શકે તેવી કોઈ વ્યક્તિ પણ નહોતી, પરંતુ શકુંતલા કહે છે કે, 'જ્યાં સગવડ મળે ત્યાં તમે તમારી જાતને વિકસાવી શકો છો, પરંતુ જ્યારે બધું જ તમારી વિરુદ્ધમાં જતું હોય, સામે પૂરે તરવાનું હોય, તમને ખબર હોય કે પરિસ્થિતિ

તમને ક્યારેય અનુકૂળ થવાની નથી, ત્યારે તમારી અંદર પડેલી તાકાતને શોધવી પડે છે.'

શકુંતલાએ જોયું કે ગામમાં એક જ ઘરમાં ટેલિવિઝન હતું. તેથી તેણે પોતાના સામાન્યજ્ઞાનમાં વધારો કરવા માટે રેડિયો સાંભળવાનું શરૂ કર્યું. ઘરકામ કરતાં પણ તે રેડિયો સાંભળતી હતી. તે એની સાથે એટલી બધી જોડાઈ ગઈ હતી કે પછી તો જ્યારે જ્યારે રેડિયો પર સમાચાર આવે કે તેમના દીકરાઓ દોડતા આવીને માતાને રેડિયો આપી જતા. આ સમય દરમિયાન શકુંતલા માત્ર ચાર કલાકની ઊંઘ લેતી હતી. સવારે ત્રણ વાગ્યે ઊઠીને કૂવે પાણી ભરવા જવું, પછી ઘરનું કામ કરવું અને ત્યારબાદ સ્કૂલે જવું, સાંજે આવીને ઘરકામ કરી, બાળકો જ્યારે સૂઈ જાય, ત્યારે તે અભ્યાસ કરવા બેસતી. છેવટે ૧૯૯૩માં એણે મહારાષ્ટ્ર પબ્લિક સર્વિસ કમિશનની ક્લાસ-ટુ પરીક્ષા પસાર કરી અને સોલાપુરના શિક્ષણ વિભાગમાં નોકરી મેળવી. તેની શિક્ષણયાત્રા હજી ચાલુ હતી. ૧૯૯૫માં ક્લાસ-વન ઑફિસરની પરીક્ષા પાસ કરી અને વિમેન્સ એજ્યુકેશન અને એક્સટેન્શન ડિપાર્ટમેન્ટની હેડ તરીકે નિમણૂક પામી. ગામડાંની સ્ત્રીઓ વિશે પીએચ.ડી. કર્યું. આશરે બે દાયકા સુધી જુદા જુદા શિક્ષણ વિભાગમાં કામ કરનાર શકુંતલા કાળેની સપ્ટેમ્બર, ૨૦૧૭માં મહારાષ્ટ્રના સેકન્ડરી અને હાયર સેકન્ડરી સ્ટેટ બૉર્ડના ચૅરપર્સન તરીકે નિમણૂક થઈ અને ૨૦૧૮નું એસ.એસ.સી.નું પરિણામ એણે જાહેર કર્યું. અંબેગાવ તાલુકા ગામ આજે એની આ દીકરી માટે ગૌરવ અનુભવે છે.

**– પ્રીતિ શાહ**

---

## શ્રી રસિકભાઈ વૈષ્ણવની વિદાય



ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટમાં એક દાયકા સુધી કાર્ય કરનાર શ્રી રસિકલાલ છોટાલાલ વૈષ્ણવનું ૨૧ જાન્યુઆરી, ૨૦૨૨ના રોજ દુઃખદ અવસાન થયું છે. ૧૯૩૩ની ૨૬મી જાન્યુઆરીએ સાજિયાવદર(તા. અમરેલી)માં જન્મેલા શ્રી રસિકલાલ વૈષ્ણવે ૧૯૫૭માં વિસનગરની એમ.એન.કૉલેજમાંથી બી.એસસી.ની ડિગ્રી મેળવી. એ પછી અમદાવાદની એ. જી. ટીચર્સ કૉલેજમાંથી બી.એડ્ અને વલ્લભવિદ્યાનગરની એમ. બી. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશનમાં એમ.એડ્‌ની પદવી મેળવી. ત્યારબાદ વિસનગરના આદર્શ વિદ્યાલયમાં માધ્યમિક શિક્ષક તરીકે સાતેક વર્ષ કાર્ય કર્યા બાદ ૨૨ વર્ષ સુધી એસ. એમ. જે. વિદ્યાલય(જાસ્કા વાયા-વિસનગર)માં કાર્ય કર્યું. એમણે નિવૃત્તિ પૂર્વે છેલ્લાં બાર વર્ષ પૂજ્ય પાંડુરંગ શાસ્ત્રી આઠવલેજીસંચાલિત જીવનપ્રજ્ઞા વિદ્યાલય(રાજુલા)માં આચાર્ય તરીકે જવાબદારી બજાવી. નિવૃત્તિ બાદ તેઓ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટમાં જોડાયા અને ૨૦૦૬ની બીજી જૂનથી ૨૦૧૮ની ૩૦મી જુલાઈ સુધી ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની વિવિધ જવાબદારી સંભાળી. એ પછી નાદુરસ્ત તબિયતને કારણે તેઓ નિવૃત્ત થયા હતા. એક સન્નિષ્ઠ શિક્ષક તરીકે એમણે સંસ્થામાં એમની આગવી છાપ ઊભી કરી હતી. એમની સ્મૃતિને વિશ્વકોશ પરિવાર વંદન કરે છે.

# જાગીશું ખરા ?

નદી-નાળાં જોડી દઈએ અને વરસાદનું પાણી દરિયામાં વહેતું અટકાવીએ. ૪ જુલાઈ, ૨૦૧૯ના રોજ ગુજરાતમાં વરસાદ નહોતો, તોપણ વિના વરસાદે નર્મદાબંધ બીજી વાર છલકાયો. મધ્યપ્રદેશમાં સારા વરસાદના લીધે ૨,૦૭,૧૯૫ ક્યૂસેક પાણીની આવક થઈ. પરંતુ આજે નર્મદાબંધ બંધાયો તે પહેલાં ચોમાસાની સિઝનમાં અનેક વખત રાજપીપળા-ભરૂચ અને વડોદરા જિલ્લાનાં ગામડાંઓ પૂર-પ્રકોપ તો વેઠતાં જ પણ પ્રતિસેકંડે ૭૦ લાખ લિટર મીઠું પાણી દરિયામાં વહી જતું.

વર્ષ ૨૦૦૦ સુધી ગુજરાત રાજ્યમાં એવી સ્થિતિ હતી કે, શ્રાવણ અને ભાદ્રપદ ઊતરી જાય અને બનાસકાંઠા, કચ્છ, સુરેન્દ્રનગર, પોરબંદર જેવા માટીના છીછરા દળ ધરાવતા જિલ્લાઓમાં ૪૨ %થી ઓછો વરસાદ થાય એટલે માલધારીઓ ઊંટ, બકરાં, ઘેટાં, ગાય-ભેંસ સાથે સહપરિવાર દક્ષિણ ગુજરાતના નહેરકાંઠાના વિસ્તારોમાં પ્રયાણ આદરે ! એટલું જ નહીં, પણ રાજ્ય સરકારે પ્રતિવર્ષ રૂ. ૧૫૩ કરોડનો વધારાનો ખર્ચ મંજૂર કરી ભાલ-નળ કાંઠાના વિસ્તારોમાં ટૅન્કરથી, તો મધ્ય સૌરાષ્ટ્રનાં અમરેલી, રાજકોટ અને ઉત્તર ગુજરાતનાં સાબરકાંઠા, બનાસકાંઠા જિલ્લાનાં ગામોમાં ભૂતળમાંથી પાણી ઉલેચવા ખેડૂતોને વધારાની વીજળી અને રાહતદરે પાઈપલાઈનની સુવિધા આપવી પડતી. આમ છતાં, દુષ્કાળજન્ય સ્થિતિમાં રાહત રહેતી પણ ૮૦૦થી ૧૨૦૦ ફૂટ ઊંડાઈવાળું પાણી પીનાર ૧.૫ કરોડથી વધુ ગુજરાતીઓ Fluorosisની રોગજન્ય સ્થિતિમાં કાયમી રીતે મુકાઈ જતા.

દેશભરમાં બદલાતી ભૌગોલિક સંરચનાના લીધે હવે સ્થાનિક વરસાદી સ્થિતિનો લાભ નહિવત્ રહ્યાનું જોવા મળે છે. વૈશ્વિક પર્યાવરણ, હવાનું દબાણ, ભેજ સ્થળાંતરને આધારે જે વરસાદી લાભ મળવાનો હોય તે મળે છે. ચોમાસા દરમિયાન માત્ર ૯૫થી ૯૮ કલાકનો વરસાદ મળે છે. પરંતુ પાણીનો ઉપયોગ તો બાકીના ૮૭૬૦ કલાક કરવાનો હોય જ છે !! એ સમયે ગુજરાતનાં ૫૫૦૫ ગામોમાં પીવાના પાણીની તંગી વારંવાર સર્જાતી, આથી રાજકીય લાભાલાભને બાજુ પર રાખી નર્મદા-બંધ બાંધવા સમગ્ર રાજ્યે પ્રજામત કેળવ્યો, તે આજે નર્મદા યોજના સાથે જોડાયેલ હાઈડ્રો પાવર સ્ટેશનમાં ડૅમના તળિયાના પાણીને બાયપાસ કૅનાલથી બહાર કાઢવા પ્રાવધાન રાખ્યું છે. આ માટે સી.એચ.પી.એચ.ના બાજુના ડુંગરમાંથી ૯૦ મીટરના સીલ લેવલે ટનલ તૈયાર કરવામાં આવી છે. જેથી બંધની ઊંડાઈ વધાર્યા સિવાય બાયપાસ ટનલ દ્વારા ૧૫,૦૦૦ ક્યૂસેક પાણીનો જથ્થો ગુજરાતની હદમાં આવેલા ડાયટ ૧ અને ૩માં નાખી શકાય અને કૅનાલ દ્વારા પ્રથમ ૫૦,૦૦૦ હેક્ટર જમીનમાં સિંચાઈ આપી શકાય તેવી સુવિધા થઈ છે.

પૃથ્વી ઉપર કાર્બનડાયૉક્સાઇડનાં વધતા દબાણની સ્થિતિના કારણે જાપાન સહિત વિશ્વના ૮૦ દેશોમાં પાણી એક પ્રશ્ન બની ચૂક્યું છે. અમેરિકી અને જર્મન પ્રજા એક દિવસમાં સરેરાશ ૭૦૦ લિટર પાણી વાપરે છે ત્યાં એક ગુજરાતીના ભાગે ૪૨થી ૫૦ લિટર પાણી આવે છે. બીજી તરફ યુરોપ અને ચીન સહિત ત્રીજી શક્તિ ધરાવતા દેશોએ પોતાની જરૂરિયાત માટેના પાણીની વ્યવસ્થા પૂર્ણ કરી છે ત્યારે દેશવાસીઓ ગંગા, યમુના, ગોદાવરી, બ્રહ્મપુત્ર જેવા મહાકાય જળસ્રોત વચ્ચે અ-વિકસિત સ્થિતિમાં પડી રહ્યા છે.

પાણી એ ઈશ્વરનું શ્રેષ્ઠ સર્જન છે અને સજીવોના અસ્તિત્વનો આધાર છે. પાણી ઉપર કોઈ એકનો માલિકી અધિકાર સ્થાપિત કરવો તે સામાજિક અવિવેક જણાય છે. ત્યારે પાણીનો સંગ્રહ, વિતરણ અને વિવેકપૂર્ણ ઉપયોગને વિજ્ઞાન અને તકનીકના હવાલે કરીએ અને તમામ પ્રકારની સ્વાર્થ-નીતિથી પર રહી સમયની માગને ધર્મ-બનાવીએ.

આવા જ કંઈ વ્યાપક દૃષ્ટિકોણથી વર્ષ ૧૯૮૦માં ભારતનાં જળ-સંસાધન મંત્રાલયે ભારતની હિમાલય ભાગની ૧૪ નદીઓ તથા નર્મદા, દમણગંગા, કૃષ્ણા પ્રકારે ભૂસ્તરના વરસાદી પ્રભાવથી બનતી અને વહેતી ૧૭ નદીઓ જોડવા અંગે પ્રાથમિક દસ્તાવેજ તૈયાર કર્યા. તે પછી ૨૩ વર્ષ બાદ યોજનાકીય ખર્ચ અને આવરી લેનાર વિસ્તારની વિગતો સંકલિત થતાં વર્ષ ૨૦૦૩માં સંબંધિત ૧૮ રાજ્યો સાથે મુસદ્દાની ચર્ચા કરવામાં આવી.

પંડિત જવાહરલાલ નહેરુના મુખ્યમંત્રીપણા હેઠળ ૧૯૫૬માં તત્કાલીન સિંચાઈ મંત્રી શ્રી કે. એલ. રાવનું સ્વપ્ન સ્વતંત્ર ભારતના સંઘિય રાજ્યોના નિજી સ્વાર્થના લીધે ૪૭ વર્ષ સુધી ફાઈલોમાં અટવાતું રહ્યું જેના ઉપર કાર્ય કરવા દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી, પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એ. પી. જે. અબ્દુલ કલામ અને નીતિ આયોગની ઈચ્છા હોવા છતાં ત્રાવણકોરના ડુબ ક્ષેત્રનો મુદ્દો લઈ કેરળ રાજ્યે રીડર ગ્રીડ અંગે નારાજગી દર્શાવી છે. ગંગાના છેવાડાના પટ્ટીય વિસ્તારનાં ધોવાણના પ્રશ્નને આગળ કરી બ્રહ્મપુત્ર-ગંગાના જોડાણનો વિરોધ પશ્ચિમ બંગાળે કર્યો છે. તો મહારાષ્ટ્રે કૃષ્ણા નદી સાથે પશ્ચિમી ઘાટની નદીઓને અવૈજ્ઞાનિક કહી NWDTનો ઊધડો લઈ નાખ્યો છે. તેમ બિહારથી લાલુ પ્રસાદે ઘોષણા કરી છે કે, નદી જોડશો તો તેમાં પાણી નહીં, અમારું લોહી વહેશે !

આવી સંકુચિત રાજકીય લાભાલાભની દૃષ્ટિ છતાં પણ નર્મદા-બંધના સુખદ અનુભવને દોહરાવતા દમણગંગા, તાપી, વિશ્વામિત્રી, ઓરસંગ, ઢાઢર, નર્મદા સહિતની દક્ષિણ ગુજરાતની બારેમાસ વહેતી મુખ્ય ૧૧ નદીઓને જોડવા ગુજરાત રાજ્યે ડહાપણ દર્શાવવું જોઈએ. ગુજરાતની ભૌગોલિક સંરચનાનો લાભ લેતા દક્ષિણ ગુજરાતની નદીઓને જોડી ખંભાતના અખાતમાં નંખાતા ગુજરાતના મધ્યભાગે મીઠા પાણીનું વિશાળ કદનું સરોવર તૈયાર કરવા પૂરતી સંભાવનાઓ છે જ.

૭૫ વર્ષની વયે પહોંચેલ ભારતની લોકશાહી વધતી વસ્તી, નિરક્ષરતા, બેરોજગારી અને ગરીબીનાં દબાણવશે આજે પણ જળ સંસાધન હોવા છતાં પણ કૂપમંડૂકપણામાં સમય પસાર કરે છે. 'જળ છે તો જીવન છે.' આ વિચારથી આગળ Water Is Wealth તરીકે પ્રસ્થાપિત થયું છે ત્યારે વ્યાપારી બુદ્ધિધન ધરાવતા ગુજરાતીઓએ નદી જોડવાની પ્રક્રિયામાં અગ્રેસર રહેવા જેવું છે. રાજ્ય સરકારે પ્રજા પાસે વિશાળ હેતુની વાત મૂકવા જેવી છે. તેમ ભારત સરકારે પણ દેશની લોકશાહી તાસીરને જોતાં નદી-જોડની યોજના પ્રદેશલક્ષી બનાવી ગુજરાતને પ્રોત્સાહિત કરી એક રાજ્યની ખેતીને ૧૦૦ % સિંચાઈ-સુવિધા આપવી જોઈએ.

**– ડૉ. નાનક ભટ્ટ**

---

## સર્વતોમુખી વિકાસની ઝાંખી

ભાષા સાહિત્યને સમૃદ્ધ કરે છે તો સાહિત્ય ભાષાને પળોટીને ધારદાર અને તેજસ્વી બનાવે છે. ગોવર્ધનરામે 'સરસ્વતીચંદ્ર' રચીને ગુજરાતી ભાષામાં સંસારના સર્વ રંગ પૂરી બતાવ્યા છે. ગુર્જરીના મુખ પર લલિતકોમલ અને મધુર તેમજ કઠોર અને બલિષ્ઠ ભાવ ઉપસાવતી રેખાઓ દોરી આપીને તેમણે તેનું દેશભરમાં માગ મુકાવે તેવું તેજસ્વી વ્યક્તિત્વ ઘડી આપ્યું. ગાંધીજીએ ગુજરાતી ભાષાને સત્ય અને અહિંસાના સૌમ્ય પણ સચોટ, લડાયક વાહન તરીકે પ્રયોજી બતાવી. મુનશીએ તેને સચેત, સમુજ્જ્વલ, ગતિશીલ મુદ્રા અર્પી. ન્હાનાલાલે તેમાં કલ્પનાના અવનવા રંગ પૂરીને ઉત્કટ ભાવકક્ષાએ પ્રવર્તતા અલંકારમંડિત કથનનું આકર્ષક વાહન બનાવી. આ મહારથીઓનાં લખાણોએ ગુજરાતી ભાષાને દુનિયાના નકશા પર મૂકી આપી છે. ગુજરાતી હવે બિચારી-બાપડી રહી નથી. સ્વભાષા માટેનું મમત્વ ભાષા અને ભાષક બંનેનો ઉત્કર્ષ કરે છે. મને ખાતરી છે કે સમાજ અને સાહિત્યસર્જકોના સંયુક્ત પ્રયાસથી આવતાં સો વર્ષમાં ગુજરાતી ભાષા અને સાહિત્યનો સર્વતોમુખી વિકાસ સધાશે અને વીસમી સદીની સિદ્ધિઓ ઝાંખી પડે તેવી અદ્ભુત સિદ્ધિઓ ગુજરાતી સાહિત્યના ક્ષેત્રે જોવા મળશે. ગુજરાતની અસ્મિતાના પ્રથમ પ્રહરી કવિ નર્મદની માફક આપણે પણ ગાઈએ કે

તે રંગ થકી પણ અધિક સરસ રંગ થશે સત્વરે, માત!
જય જય ગરવી ગુજરાત!

(ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકે ડૉ. ધીરુભાઈ ઠાકરે આપેલ પ્રવચનમાંથી)

---

## વિદુષી દક્ષાબહેન પટ્ટણીની સ્મૃતિમાં
## વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા આયોજિત નિબંધસ્પર્ધા

વિદુષી દક્ષાબહેન પટ્ટણીની સ્મૃતિમાં વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા આયોજિત નિબંધસ્પર્ધામાં નિબંધ મોકલવાની છેલ્લી તારીખ ૩૦ જાન્યુઆરી, ૨૦૨૨ હતી તે હવે વર્તમાન સંજોગોને ધ્યાનમાં લઈને ૩૦ એપ્રિલ, ૨૦૨૨ રાખવામાં આવી છે.

# એક વિશિષ્ટ દશ્ય–શ્રાવ્ય કાર્યક્રમ : અસ્મિતા વિશેષ સંવાદ

ભારત એ વિપુલ સંપત્તિ અને માનવીય પરંપરાનો દેશ છે. આપણું રાષ્ટ્ર અનેક પ્રકારની અસ્મિતાઓથી ગૌરવપ્રદ રીતે વિશ્વમાં આગળ વધી રહ્યું છે. આ માનવીય અસ્મિતાને નવાજવામાં આપણે અગ્રેસર રહેવું જોઈએ અને એમાં પણ 'જય જય ગરવી ગુજરાત'ની અસ્મિતાઓને નજીકથી ઓળખવી એ ગૌરવનો વિષય છે. આ જ ઉદ્દેશ્ય માટે 'ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ', અમદાવાદ અને 'સંતુલન', રાજકોટના સંયુક્ત ઉપક્રમે એક સુંદર મજાનો પ્રકલ્પ હાથ ધરવામાં આવ્યો છે.

આમ તો કોરોના પહેલાં આ આખા પ્રકલ્પની શરૂઆત માટેનો તખ્તો ગોઠવાઈ ગયો હતો, પરંતુ કોરોનાએ સૌને રોક્યા, તેમ આ પ્રકલ્પને પણ અટકાવી દીધો. શુભ નિષ્ઠા અને સારું કરવા માટેના કોઈ પણ પ્રયાસો હોય, એને કુદરત સહયોગ કરતી હોય છે તે મુજબ કોરોનાની બીજી લહેર પૂરી થયા પછી આ પ્રકલ્પને આગળ વધાર્યો અને આજે એ પ્રકલ્પ વિશેની માહિતી આપ સૌની સાથે વહેંચવાનો આ લ્હાવો મળ્યો છે.

મૂળતઃ વિચાર એવો આવ્યો કે આપણે કેટલાય વ્યક્તિવિશેષને સાંભળીએ છીએ, વાંચીએ છીએ, એમની પ્રવૃત્તિઓથી પરિચિત પણ થઈએ છીએ. પરંતુ આ વ્યક્તિવિશેષ પોતાની જિંદગી કેવી રીતે જીવ્યા છે ? એ જિંદગીમાં એમણે કેવો સંઘર્ષ કર્યો છે અથવા તો એમને ક્યાં જતું કરવું પડ્યું છે ? અને છતાં પોતે પ્રસ્વેદ ટકાવીને આજે આપણી સમક્ષ વ્યક્તિમાંથી વ્યક્તિવિશેષ બન્યા છે. એમની આખી જીવનયાત્રાથી આપણે લગભગ અપરિચિત જ રહ્યા છીએ. આપણે ઘણા કલાકારોને સાંભળીએ અને એની કલાને વખાણીએ. આપણે ઘણા સાહિત્યકારોને વાંચીએ ને મનનીય પ્રવચનો સાંભળીએ પણ એ સાહિત્યકારના જીવન વિશે અપરિચિત રહીએ. સમાજમાં કેટલીય એવી પ્રતિભાઓ છે કે જે કોઈ પણ વિશેષ ભાર વગર પોતાની ઢબે સેવાકાર્ય કર્યા કરે છે. એમનાં સેવાનાં કાર્યોથી આપણે સુપેરે પરિચિત હોઈએ પણ એ વ્યક્તિઓ કેવો પરિશ્રમ કરી રહી છે એના વિશે આપણે પરિચિત હોતા નથી.

'ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ' અને 'સંતુલન'ને એવો વિચાર આવ્યો કે આવાં વિશેષ વ્યક્તિત્વોને ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના સ્ટુડિયોમાં બોલાવીને, એમની સાથે સંવાદ કરીને એમને કચકડે મઢી લઈએ તો ? આ વિચાર એટલા માટે આવ્યો કે આ વ્યક્તિવિશેષની જીવનયાત્રા એમના જ મુખેથી સાંભળીએ, જાણીએ અને અનેક પ્રસંગો આપણે એમની પાસેથી મેળવી લઈએ કે જેથી તે આજની યુવા પેઢીને અને આવતી કાલ માટે ઘડાનાર પેઢીને આપણે કહી શકીએ કે મોટિવેશન માટે દેશની બહાર

જવાની જરૂર નથી. તમારા રાજ્યની બહાર નહીં જાઓ તોપણ ચાલશે, કારણ તમારી આસપાસ અહીં એવાં વ્યક્તિત્વો છે કે જેમની સંઘર્ષયાત્રા તમારા માટે મોટિવેશનનો પટારો ખોલી આપશે. બસ, આ ઉદ્દેશ્યમાંથી જે પ્રકલ્પનો ઉદ્‌ભવ થયો એને નામ આપ્યું 'અસ્મિતા વિશેષ સંવાદ.'

આ 'અસ્મિતા વિશેષ સંવાદ'ની વિશેષતા એ છે કે, એમાં સંવાદકર્તા ઓછામાં ઓછું બોલે અને જેમની સાથે સંવાદ થઈ રહ્યો છે એ વ્યક્તિવિશેષ પોતાનું દિલ ખોલીને વાત કરે. બની પણ એવું રહ્યું છે કે એ ધુરંધર વ્યક્તિઓ જેના નામથી, જેના કામથી, જેની કલાથી, જેની સેવાથી આપણે ખૂબ પરિચિત છીએ એમના જીવનના ઉતારચડાવની વાત જ્યારે એમના મુખેથી સાંભળીએ છીએ ત્યારે અચંબિત થઈ જઈએ છીએ. આ પ્રકલ્પમાં ગુજરાતની પસંદિત શ્રેષ્ઠ અસ્મિતાઓને આમંત્રણ આપવામાં આવ્યું છે અને એ અસ્મિતાઓ સાથે ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, અમદાવાદના સ્ટુડિયોમાં દોઢથી બે કલાક દીર્ઘ સંવાદ કરવાનું કામ ભદ્રાયુ વછરાજાની સંભાળી રહ્યા છે. 'વિશ્વકોશ ટ્રસ્ટ' અને 'સંતુલન'નો આ સહયોગી કાર્યક્રમ છે ત્યારે આપ સૌને જાણીને આનંદ થશે કે ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટનો સુંદર મજાનો સ્ટુડિયો બહુ જ ઉત્તમ પ્રકલ્પ માટે હાલ ઉપયોગમાં લેવાઈ રહ્યો છે. વિશ્વકોશ સાથે આત્મીય નાતો ધરાવતા ભદ્રાયુ વછરાજાનીએ સ્વયં આ અસ્મિતાઓ સાથે સંપર્ક સાધવાનું અને સંપર્ક સાધીને સ્ટુડિયો સુધી આવે અને દિલ ખોલીને સંવાદ કરે એ બધું જ કાર્ય પોતે ઉપાડ્યું છે. જે કોઈ ભૌતિક અને આર્થિક સગવડો જોઈએ એ આપવાનું કામ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટે સંભાળ્યું છે.

અમને જણાવતાં ખૂબ આનંદ થાય છે કે અત્યાર સુધીમાં ૨૦ વ્યક્તિઓના સંવાદ કરી ચૂક્યા છીએ અને તેમને દૃશ્ય-શ્રાવ્ય માધ્યમથી આપણા સ્ટુડિયોમાં કચકડે મઢી શક્યા છીએ. આગામી ત્રણ-ચાર માસમાં બીજી ૨૦ વ્યક્તિઓ સુધી અમે પહોંચી જઈશું. આ સંવાદોનાં સ્તર અને ગુણવત્તા એટલાં રસપ્રદ રીતે બંધાયાં છે કે એ સંવાદોથી આપ સૌને વધુ સમય દૂર ન રાખવાની અમને ઇચ્છા થઈ અને તેથી અમે 'ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ'ની યૂટ્યૂબ ચૅનલ અને 'સંતુલન'ની યૂટ્યૂબ ચૅનલ પરથી આ સંવાદ નિયત સમયે પ્રસારિત કરવાનું પણ નક્કી કર્યું છે. માર્ચ મહિનામાં પહેલો 'અસ્મિતા વિશેષ સંવાદ' યૂટ્યૂબ ઉપર પ્રસારિત કરીએ એવી અમારી ગણતરી છે. 'વિશ્વવિહાર' સામયિકમાં એનો નિર્દેશ કરવામાં આવશે.

અમને આશા છે કે આ પ્રકલ્પમાં જે કોઈ વ્યક્તિવિશેષ સાથેનો સંવાદ આપ સાંભળશો તેને આપ માણશો અને માણ્યા પછી એમના જીવનપ્રસંગોને વાગોળશો એવો અનુભવ આપને અવશ્ય થશે. આશા રાખીએ કે વધુમાં વધુ લોકો સુધી આપ 'અસ્મિતા વિશેષ સંવાદ'નો ફેલાવો કરશો કે જેથી આપણી વચ્ચે બેઠેલી વ્યક્તિઓને આપણે સત્વરે સાવ નજદીકથી ઓળખી શકીએ. એક સુંદર પ્રકલ્પ 'ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ' અને 'સંતુલન' કરી રહ્યું છે ત્યારે આપ સૌના સહયોગ માટે અમારી અપેક્ષા વ્યક્ત કરીએ છીએ.

## આગામી કાર્યક્રમો

### શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણી

◈ **૯ ફેબ્રુઆરી, ૨૦૨૨, બુધવાર : સાંજના ૫-૩૦**
વિષય : આધુનિક સંદર્ભમાં બૃહદારણ્યક ઉપનિષદ (પુનઃપ્રસ્તુતિ)
વક્તા : વિજય પંડ્યા

◈ **૨૩ ફેબ્રુઆરી, ૨૦૨૨, બુધવાર : સાંજના ૫-૩૦**
વિષય : પડછાયાના પ્રેમમાં પડેલો ચિત્રકાર કારાવાજિયો
વક્તા : અમિતાભ મડિયા

### શ્રી કંચનભાઈ પરીખ વ્યાખ્યાનશ્રેણી

◈ **૧૬ ફેબ્રુઆરી, ૨૦૨૨, બુધવાર : સાંજના ૫-૩૦**
સંસ્કૃતિ પુરુષશ્રી લાભશંકર પુરોહિત સાથે નિસર્ગ આહિરનો સંવાદ - ભાગ-૧
વિષય : સાહિત્ય, સંસ્કૃતિ અને લોકપરંપરા

◈ **૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૨, ગુરુવાર : સાંજના ૫-૩૦**
સંસ્કૃતિ પુરુષશ્રી લાભશંકર પુરોહિત સાથે નિસર્ગ આહિરનો સંવાદ - ભાગ-૨
વિષય : સાહિત્ય, સંસ્કૃતિ અને લોકપરંપરા

### શ્રી ધીરુબહેન પટેલ બાળ-કિશોર સાહિત્ય કેન્દ્ર

◈ **૨૧ ફેબ્રુઆરી, ૨૦૨૨, સોમવાર : સાંજના ૫-૩૦**
વિષય : મળી માતૃભાષા મને ગુજરાતી
વક્તા : દીવાન-બલ્લુભાઈ પ્રાથમિક શાળા, કાંકરિયાનાં બાળકો દ્વારા પ્રસ્તુતિ
આયોજન : પ્રિ. અનિલ રાવલ

### શ્રી જીવન-ઉત્કર્ષ વ્યાખ્યાનશ્રેણી
### વિજ્ઞાન દિવસ

◈ **૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૨, સોમવાર : સાંજના ૫-૩૦**
વિષય : વિજ્ઞાન અને ટૅક્નૉલૉજીનાં ચશ્માંથી હવે પછીનું વિશ્વ
વક્તા : ચિંતન ભટ્ટ

### આસ્વાદ

◈ **૨૦ ફેબ્રુઆરી, ૨૦૨૨, રવિવાર : સવારના ૧૦-૦૦થી ૧૨-૦૦**


વિશ્વકોશભવનના શેઠ હઠીસિંહ કેસરીસિંહ સભાગૃહમાં ગુજરાતના સુગમ સંગીતના જાણીતા ગાયક અને સ્વરકાર શ્રી અમર ભટ્ટ ‘કેટલાંક સ્વરાંકનોની ખૂબીઓ’ (નિદર્શન સાથે) એ વિશે વક્તવ્ય આપશે.



‘તુકારામ અને નરસિંહ મહેતાનો ભક્તિયોગ’ વિશે અરુણા જાડેજા



‘ગાંધી : આવતી કાલે’ વિશે સંજય-તુલા



‘વારલી પેઈન્ટિંગ’ વિશે અરવિંદ ઘોસાલકર



‘સાહિત્ય અને સમાજમાં નારીની બદલાતી છબી’ વિશે શરીફા વીજળીવાળા



‘બાળવાર્તા અને બાળવાર્તાકથન’ વિશે યાહ્યા સપાટવાલા

દર માસની ૫મી તારીખે પ્રકાશિત ISSN 2321 6999

RNI No. GUJGUJ/1998/4459. postal Regd. No. GAMC 1375 2021-23 issued by SSP Ahmedabad-9. Valid Upto 31-12-2023. License to post without Prepayment No. PMG/NG/111/2021-2023. valid upto 31/12/2023. at Ahd PSO On 5th every month.

## હવે ઓનલાઇન ઉપલબ્ધ છે

### ગુજરાતી ભાષાના સર્વપ્રથમ વિશ્વકોશ એવા ગુજરાતી વિશ્વકોશના ૧થી ૨૫ ગ્રંથો

- પહેલી જાન્યુઆરીથી ૩૦મી જાન્યુઆરી સુધી ઑનલાઇન ગુજરાતી વિશ્વકોશ જોનારા દેશો આ પ્રમાણે છે :
- ભારત, અમેરિકા, ઈંગ્લૅન્ડ, ફ્રાન્સ, સિંગાપોર જેવા જુદા જુદા દેશોના લાખો લોકોએ ઑનલાઇન વિશ્વકોશમાંથી માહિતી પ્રાપ્ત કરી છે.
- છેલ્લા ત્રીસ દિવસમાં ૭૧,૦૦૦ યુનિક વિઝિટર છે, જેમાં વધારેમાં વધારે યુનિક વિઝિટર્સ સાડા ત્રણ હજાર છે.
- ગૂગલની સાઇટ પર છેલ્લા ત્રીસ દિવસમાં ૧૨,૪૧૯ ક્લિક થઈ છે.
- આમ ઑનલાઇન વિશ્વકોશ ખૂબ ઝડપથી વિશ્વભરના ગુજરાતી ભાષીઓ સુધી પહોંચી રહ્યો છે. આ વિશ્વકોશમાં (૧) વિષય પ્રમાણે, (૨) લેખકના નામ પ્રમાણે અને (૩) અધિકરણના નામ – એમ ત્રણમાંથી કોઈ પણ રીતે સર્ચ થઈ શકે છે.
- આપ કમ્પ્યૂટર, લૅપટૉપ અને મોબાઇલ એ ત્રણેમાં વિશ્વકોશનાં અધિકરણો જોઈ શકશો.
- આ માટે આપ gujarativishwakosh.org લખશો.
- અત્યારે ઑનલાઇન વિશ્વકોશમાં વિશ્વકોશનાં ૨૬,૦૦૦ પૃષ્ઠોમાં સમાવેશ પામેલાં ૨૪,૦૮૩ લખાણો(અધિકરણો)નો સમાવેશ થાય છે અને એની અત્યારે કુલ શબ્દસંખ્યા એક કરોડ, ત્રાણું લાખ, પચાસ હજારની છે. અત્યારે ઑનલાઇન વિશ્વકોશ અપડેટ કરવાનું કાર્ય ચાલી રહ્યું છે અને તેની સાથોસાથ નવાં લખાણો પણ ઉમેરાઈ રહ્યાં છે.

વધુ વિગત માટે જુઓ મુખપૃષ્ઠ પાનું - ૨